Extra No. 236

REGISTERED No. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LIII ]** **THURSDAY, JULY 12, 2012/ASADHA 21, 1934**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**શિક્ષણ વિભાગ,**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨.

**બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯.**

ક્રમાંક : જીએચ/ એસએચ/ ૪/ પીઆરઈ/ ૧૨૨૦૧૦/ જીઓઆઈ-૧૦/કે :- બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯ ના ૩૫ મા) ની કલમ ૩૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :-

**પ્રકરણ-૧**

**પ્રારંભિક**

૧. **ટૂંકી સંજ્ઞા, આરંભ અને વ્યાપ્તિ.-** (૧) આ નિયમો બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય -

(ક) ''અધિનિયમ'' એટલે બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯ નો ૩૫મો) ;

(ખ) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ગ) ''આંગણવાડી'' એટલે સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ સ્થપાયેલું આંગણવાડી કેન્દ્ર અને તેમાં બાલવાડી, બાલમંદિર અને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પૂરું પાડતી તેના જેવી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે;

(ઘ) ''નિયત તારીખ'' એટલે અધિનિયમ જે તારીખે અમલમાં આવે તેવી રાજપત્રમાં જાહેર કર્યા પ્રમાણેની તારીખ;

(ચ) ''પ્રકરણ'' એટલે અધિનિયમનું પ્રકરણ;

(છ) ''સક્ષમ સત્તાધિકારી'' એટલે,-

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) હેઠળ જિલ્લા પંચાયતને પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાની ફરજ સોંપવામાં આવી હોય ત્યારે તે સંબંધિત જિલ્લા પંચાયતના વિસ્તારની અંદર અને મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાના બનેલા વિસ્તારની અંદર આવેલી શાળાઓના કિસ્સામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, અને

(૨) બાકીના/ બીજા વિસ્તારો માટે, જિલ્લાના સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારી;

(જ) ''નિયામક ''એટલે પ્રાથમિક શિક્ષણના નિયામક;

(ઝ) ''(GCERT)જીસીઈઆરટી '' એટલે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ;

(ટ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ઠ) ''પૂર્વ-શાળા'' એટલે પ્રારંભિક શિક્ષણની પૂર્વતૈયારીરૂપ (પ્રિપેરેટરી) પ્રવૃત્તિઓ કરતી કોઈપણ સંસ્થા અને તેમાં નર્સરી, કીન્ડરગાર્ટન અથવા બીજા કોઇ નામે જાણીતા (ગ્રુપ) જૂથોનો સમાવેશ થાય છે;

(ડ) ''વિદ્યાર્થી પ્રગતિ રેકર્ડ'' એટલે સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકનના આધારે બાળકની પ્રગતિ અંગેનું પત્રક;

(ઢ) ''અનુસૂચિ'' એટલે અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિ;

(ત) ''સ્કૂલ મેપીંગ'' એટલે સામાજિક વિઘ્નો અને ભૌગોલિક અંતરને નિવારવા માટે શાળાના સ્થળ અંગેનું આયોજન;

(થ) ''કલમ'' એટલે અધિનિયમની કલમ.

(૨) આ નિયમોમાં ''નમૂના'' અંગેના તમામ ઉલ્લેખોનો અર્થ, આ સાથે જોડેલા પરિશિષ્ટ-૨માં જણાવેલા નમૂનાના ઉલ્લેખો તરીકે કરવો.

(૩) અહીં આ નિયમોમાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા પણ અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા અન્ય તમામ શબ્દો અને શબ્દપ્રયોગોનો અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપેલ છે તે જ થશે.

## પ્રકરણ ૨
## મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર

૩. (૧) **વિદ્યાર્થીઓનો પ્રવેશ.**- પ્રવેશની તારીખે જે બાળકની ઉંમરનું છઠ્ઠું વર્ષ પુરુ થયું ન હોય તેવા બાળકને સામાન્ય રીતે પ્રારંભિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહિ. તેમ છતાં, જો બાળક પાંચ વર્ષની ઉંમર પૂરી થયે પ્રવેશ મેળવવા માંગતુ હોય તો તેને પ્રવેશ આપવામાં આવશે, પરંતુ તેણે તે વર્ષના જૂન મહિનાની ૧લી તારીખે પાંચ વર્ષની ઉંમર પૂરી કરેલી હોવી જોઇશે.

**(૨) ઉંમરના પુરાવા તરીકેના દસ્તાવેજો.**- જન્મ, મરણ અને લગ્ન સર્ટિફિકેશન અધિનિયમ, ૧૮૮૬ હેઠળ જન્મનું પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય ત્યારે નીચે પૈકીનો કોઈપણ એક દસ્તાવેજ શાળામાં પ્રવેશના હેતુ માટે બાળકની ઉંમરના પુરાવા તરીકે ગણવામાં આવશે-

(ક) હોસ્પિટલ/ સહાયક નર્સ અને મીડવાઇફ (એએનએમ) રજિસ્ટર રેકર્ડ,

(ખ) આંગણવાડી રેકર્ડ,

(ગ) માતાપિતા અથવા વાલીએ બાળકની ઉંમર અંગે સોગંદનામા મારફતે કરેલી જાહેરાત.

**(૩) પ્રવેશ માટે લંબાવેલી મુદત .-** (૧) પ્રવેશ માટે લંબાવેલી મુદત, શાળાના શૈક્ષણિક વર્ષના આરંભની તારીખથી છ મહિનાની રહેશે.

(૨) પ્રવેશ માટે લંબાવેલી મુદત પછી બાળકને શાળામાં પ્રવેશ આપવામાં આવે ત્યારે, તે અથવા તેણી શાળાના વડાએ નકકી કર્યા પ્રમાણેની ખાસ તાલીમની મદદથી અભ્યાસ પૂરો કરવાને પાત્ર થશે.

**૪. ખાસ તાલીમ .-** (૧) શાળા વ્યવસ્થાપક સમિતિ/ સ્થાનિક સત્તામંડળે ખાસ તાલીમની જરૂરિયાત હોય તેવા બાળકોને ઓળખી કાઢવા જોઇશે અને નીચેની રીતે એવી તાલીમની વ્યવસ્થા કરવી જોઇશે :

(ક) ખાસ તાલીમ, કલમ ૨૯(૧)માં નિર્દિષ્ટ કરેલ શૈક્ષણિક સત્તામંડળે મંજૂર કરેલ વય યોગ્ય અધ્યયન સામગ્રી, ખાસ પ્રકારે તૈયાર કરેલ રીત આધારિત હોવી જોઇશે.

(ખ) તે, શાળાની જગ્યામાં યોજેલા વર્ગોમાં અથવા સુવિધાવાળી રહેઠાણની જગ્યામાં યોજેલ વર્ગો મારફતે પૂરી પાડવી જોઇશે.

(ગ) તે, શાળામાં કામ કરતા શિક્ષકો અથવા તે હેતુ માટે ખાસ રીતે નીમેલા શિક્ષકો દ્વારા પૂરી પાડવી જોઇશે.

(ઘ) ખાસ તાલીમનો સમયગાળો ઓછામાં ઓછા ત્રણ મહિનાની મુદત સુધીનો રહેશે, જેને અધ્યયનની પ્રગતિના સામયિક મૂલ્યાંકનના આધારે લંબાવી શકાશે.

(૨) બાળકને, ખાસ તાલીમ પછી, તેની ઉંમર પ્રમાણેના અનુરૂપ ધોરણમાં દાખલ કરવામાં આવ્યે, તેનો/ તેણીનો બાકીના વર્ગ સાથે શૈક્ષણિક અને ભાવનાત્મક રીતે સફળતાપૂર્વક સમન્વય સાધવા માટે સક્ષમ બનાવવા શિક્ષક દ્વારા તેના/ તેણીના ઉપર સતત ખાસ ધ્યાન આપવામાં આવશે.

**૫. નવી પ્રારંભિક શાળાઓ ખોલવા અથવા ખાનગી શાળાને હસ્તગત કરવા બાબત.-**

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૩ની પેટા-કલમ (૨) હેઠળ રચાયેલું મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, નિયામક અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ મંજૂરીથી, જરૂરી હોય ત્યાં નવી પ્રારંભિક શાળા ખોલી શકશે અથવા ખાનગી શાળાને હસ્તગત કરી શકશે અથવા તેના દ્વારા નિભાવાતી પ્રારંભિક શાળા ઉપર વધારાનું ખર્ચ કરી શકશે.

(૨) રાજય સરકારે જેની અંદર શાળા સ્થાપવાની હોય તે વિસ્તારો અથવા તેની નજીકની હદો નીચે પ્રમાણે રહેશે-

(ક) ૧-૫ ધોરણોમાંના બાળકોના સંબંધમાં, નજીકના વિસ્તારના ચાલીને જઇ શકાય તેવા એક કિલોમીટરના અંતરની અંદર શાળા સ્થાપવી જોઇશે.

(ખ) ૬-૮ ધોરણોમાંના બાળકોના સંબંધમાં, નજીકના વિસ્તારના ચાલીને જઇ શકાય તેવા ૩ કિલોમીટરના અંતરની અંદર શાળા સ્થાપવી જોઇશે.

(૩) ગુજરાત રાજયમાંની પ્રારંભિક શિક્ષણ શાળાઓ, ધોરણ ૧- ૫ અથવા ૬ થી ૮ અથવા ૧-૮ ધોરણની રહેશે અને રાજય સરકારે આ માળખાને અનુરૂપ વિદ્યમાન શાળાઓમાં ફેરફાર કરવો જોઇશે.

(૪) હાડમારીવાળા વિસ્તારોમાં, ભૂસ્ખલનોનું જોખમ, પૂર, રસ્તાઓનો અભાવ અને સામાન્ય રીતે, નાના બાળકોને તેમના ઘરેથી શાળા સુધી જવામાં રહેલા જોખમને ધ્યાનમાં રાખીને, રાજય સરકારે/ સ્થાનિક સત્તામંડળે શાળાઓને એવી જગ્યાએ રાખવી કે જેથી કરીને પેટા-નિયમ (૨) હેઠળ નિર્દિષ્ટ કરેલ હદો ઘટાડીને એવા જોખમો ટાળી શકાય.

(૫) પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કરેલી હદમાં, જયાં વિદ્યાર્થીઓ માટે વાહનવ્યવહારની સવલત અથવા રહેઠાણની સવલત ઉપલબ્ધ હોય તેવા કિસ્સાઓમાં, છૂટછાટ મૂકી શકાશે.

(૬) વસ્તીની અતિ ગીચતાવાળા વિસ્તારોમાં, એવા વિસ્તારોમાંના ઉંમર અનુરૂપ પ્રવેશપાત્ર વય જૂથોમાંના બાળકોની સંખ્યાને લક્ષમાં લઇને, રાજય સરકાર/ સ્થાનિક સત્તામંડળ એક કરતાં વધુ નજીકની શાળાઓ સ્થાપવાની વિચારણા કરી શકશે.

(૭) સ્થાનિક સત્તામંડળે જયાં બાળકોને પ્રવેશ આપી શકાય તેવી નજીકની શાળા(ઓ) ઓળખી કાઢવી જોઇશે અને પોતાની હકૂમતની અંદરના દરેક માનવ વસવાટ માટે એવી માહિતી જાહેર કરવી જોઇશે.

(૮) રાજય સરકારે/ સ્થાનિક સત્તામંડળે સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોના કારણસર શાળામાં બાળકોનો પ્રવેશ અટકે નહિ તે સુનિશ્ચિત કરવું જોઇશે.

## પ્રકરણ ૩

## રાજય સરકાર અને સ્થાનિક સતામંડળની ફરજો

૬. **શાળાએ મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા બાબત :** (૧) નીચે જણાવ્યા પ્રમાણેની શાળાઓમાં અભ્યાસ કરતા નીચેના વર્ગોના બાળકો, કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ક), (ખ) અથવા યથાપ્રસંગ (ગ) અનુસાર મફત શિક્ષણ, મફત પાઠય પુસ્તકો માટે હકદાર રહેશે :-

(૧) રાજય સરકારે અથવા સ્થાનિક સતામંડળે સ્થાપેલી, તેની માલિકીની, અથવા તેના નિયંત્રણ હેઠળની શાળામાંના તમામ વિદ્યાર્થીઓ.

(૨) પોતાના સંપૂર્ણ અથવા આંશિકઃ ખર્ચને પહોચી વળવા માટે રાજય સરકાર અથવા સ્થાનિક સતામંડળ પાસેથી આવી રીતે મેળવેલી સહાય અથવા ગ્રાન્ટ મેળવતી સહાયિત શાળામાં તેના વાર્ષિક આવર્તક ખર્ચના પ્રમાણમાં અને તેની વાર્ષિક આવર્તક સહાય અથવા ગ્રાન્ટમાંથી કરવામાં આવતું હોય ત્યારે તેની સરખામણીમાં, ઓછામાં ઓછા ૨૫%ને અધીન રહીને, તેમાં પ્રવેશ આપેલા તેટલા બાળકો.

(૩) અધિનિયમની કલમ ૨ના ખંડ (થ)ના પેટા-ખંડ(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલી શાળાએ, કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) અનુસાર સંપૂર્ણપણે બિનસહાયિત શાળાએ પ્રવેશ આપેલા તમામ વિદ્યાર્થીઓ.

**સ્પષ્ટીકરણ :** કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અથવા (ગ) અનુસાર પ્રવેશ આપેલા બાળકના સંબંધમાં, મફત શિક્ષણના અધિકાર માટે સુવિધા પૂરી પાડવાની જવાબદારી, અનુક્રમે આ નિયમ ૬ના પેટા-નિયમ (૧)ના ખંડો (૧), (૨) અથવા (૩) માં જણાવ્યા પ્રમાણેની શાળાઓની રહેશે.

(૨) નજીકની શાળાઓ નકકી કરવા અને સ્થાપવાના હેતુઓ માટે, રાજય સરકારે અથવા યથાપ્રસંગ, સ્થાનિક સતામંડળે સ્કૂલ મેપીંગ હાથ ધરવું જોઇશે અને દૂરના વિસ્તારોના બાળકો, અશકત બાળકો, વંચિત જૂથના બાળકો, નબળા વર્ગના બાળકો અને કલમ ૪માં ઉલ્લેખેલ બાળકોની ઓળખ, નિયત તારીખથી એક વર્ષની મુદતની અંદર અને ત્યારપછી દરેક વર્ષે કરવી જોઇશે.

(૩) રાજય સરકારે અથવા યથાપ્રસંગ સ્થાનિક સતામંડળે એ સુનિશ્ચિત કરવું જોઇશે કે શાળામાં કોઇપણ બાળક સાથે જ્ઞાતિ, વર્ગ, ધર્મ અથવા જાતિને અધીન રહીને કોઇ દુરુપયોગ કરવામાં ન આવે.

(૪) કલમ ૮ના ખંડ (ગ)ના હેતુઓ માટે, રાજય સરકારે અને કલમ ૯ના ખંડ (ગ)ના હેતુઓ માટે, સ્થાનિક સત્તામંડળે એ સુનિશ્ચિત કરવું જોઇશે કે નબળા વર્ગના બાળકને અને વંચિત જૂથના બાળકને વર્ગખંડ, મધ્યાહન ભોજન દરમ્યાન, રમતગમતના મેદાનમાં, સર્વ સામાન્ય પીવાના પાણીના વપરાશમાં અને શૌચાલય સવલતોમાં અને શૌચાલય અથવા વર્ગખંડોની સફાઇ કરવામાં વર્ગીકૃત કરવામાં ન આવે કે તેમની સાથે ભેદભાવ રાખવામાં ન આવે.

૭. **સ્થાનિક સત્તામંડળે બાળકોનું રેકર્ડ નિભાવવા બાબત :** (૧) સ્થાનિક સત્તામંડળે તેની હકૂમતમાંના તમામ બાળકોનું તેમના જન્મથી તેઓ ૧૪ વર્ષની ઉંમરના થાય ત્યાં સુધીનું રેકર્ડ, ઘરગથ્થું સર્વે મારફતે નિયામકે ઠરાવેલા નમૂનામાં નિભાવવું જોઇશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ રેકર્ડ, દર વર્ષે અદ્યાવત કરવું જોઇશે.

(૩) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ રેકર્ડ, પારદર્શી રીતે અને ખાસ કરીને ઇલેકટ્રોનિક સ્વરૂપમાં નિભાવવું જોઇશે અને જાહેર અધિકારક્ષેત્રમાં મૂકવું જોઇશે અને કલમ ૯ના ખંડ (ચ)ના હેતુઓ માટે ઉપયોગમાં લેવું જોઇશે.

(૪) દરેક બાળકના સંબંધમાં પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ રેકર્ડમાં, નીચેની બાબતોનો સમાવેશ થશે :-

(ક) નામ, લિંગ, જન્મતારીખ (જન્મ પ્રમાણપત્ર નંબર), જન્મસ્થળ ;

(ખ) માતાપિતા/ વાલીઓના નામ, સરનામા, વ્યવસાય;

(ગ) બાળક (૬ વર્ષની ઉંમર સુધી) જેમાં દાખલ થાય તેવા પૂર્વ-પ્રાથમિક શાળા/ આંગણવાડી સેન્ટર;

(ઘ) બાળકને જેમાં દાખલ કરવામાં આવ્યું હોય તેવી પ્રારંભિક શાળા;

(ચ) બાળકનું હાલનું સરનામું;

(છ) જે ધોરણમાં બાળક (૬ થી ૧૪ વર્ષની વચ્ચેની ઉંમરના બાળકો માટે) અભ્યાસ કરતું હોય, અને સ્થાનિક સત્તામંડળની પ્રાદેશિક હકૂમતમાંથી શિક્ષણ અધવચ્ચે છોડી દેવામાં આવે તો, આવું અધવચ્ચે છોડી દેવાનું કારણ;

(જ) અધિનિયમની કલમ ૨ના ખંડ (ચ)ના અર્થ પ્રમાણે બાળક નબળા વર્ગનું છે કે કેમ;

(ઝ) અધિનિયમની કલમ ૨ના ખંડ (ઘ)ના અર્થ પ્રમાણે બાળક વંચિત જૂથનું છે કે કેમ;

(ટ) સ્થળાંતર, છૂટી છવાયેલી વસ્તી, ઉંમરને અનુરૂપ પ્રવેશ, અશકતતાના કારણોસર ખાસ સુવિધા/ રહેઠાણની સુવિધાની જરૂરિયાતવાળા બાળકોની વિગતો.

(૫) સ્થાનિક સત્તામંડળે એ સુનિશ્ચિત કરવું જોઇશે કે તેની હકૂમત હેઠળની શાળાઓમાં નોંધાયેલા તમામ બાળકોના નામો, દરેક શાળામાં લોકો જોઇ શકે તેવી રીતે પ્રદર્શિત કરવામાં આવે.

૮. **પ્રવેશ કાર્યરીતિ :** (૧) કોઇપણ પૂર્વ-શાળાએ વર્ષના જૂન મહિનાની ૧લી તારીખે ૩ વર્ષની ઉંમર પૂરી કરી ન હોય તેવા બાળકને પ્રવેશ આપવો નહિ. પ્રવેશ માટે લંબાવેલી મુદત, શાળાના શૈક્ષણિક વર્ષના આરંભની તારીખથી છ મહિનાની રહેશે.

(૨) કોઇપણ શાળાએ પ્રવેશ માટે દાન લેવું નહિ અથવા માતાપિતાની રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) યોજવી નહિ અને/અથવા બાળકોની કસોટી લેવી નહિ.

૯. **અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યરીતિ :** (૧) રાજય સરકારે અભ્યાસક્રમ તૈયાર કરવા, મૂલ્યાંકન કાર્યરીતિ અને પૂર્વ-શાળાઓના શિક્ષકોની લાયકાતો માટે પૂર્વ-શાળા શિક્ષણ અને સંશોધનનો અનુભવવાળા સમુચિત સત્તામંડળને ઓળખી કાઢવું જોઇશે.

(૨) સમુચિત સત્તામંડળ, પ્રારંભિક બાલ્યાવસ્થા વિકાસના ક્ષેત્રમાંના નિષ્ણાતો સાથે પરામર્શ કરીને પૂર્વ-શાળાના બાળકો માટેનો અભ્યાસક્રમ ઠરાવવા અને મૂલ્યાંકન કાર્યરીતિ માટે જવાબદાર રહેશે.

(૩) સમુચિત સત્તામંડળે, નિષ્ણાતો સાથે પરામર્શ કરીને પૂર્વ-શાળા શિક્ષણ માટેની પ્રોટોટાઇપ_(આદિરૂપ) પ્રકારની અધ્યયન સામગ્રી તૈયાર કરવી જોઇશે અથવા તૈયાર કરાવડાવવી જોઇશે.

(૪) પૂર્વ-શાળાના બાળકો માટેના અભ્યાસક્રમ અને મૂલ્યાંકનની માર્ગદર્શિકા નકકી કરતી વખતે, સમુચિત સત્તામંડળ, નીચેની બાબતોને વિચારણામાં લઇ શકશે : -

(ક) વિકાસના તમામ ક્ષેત્રોનું મૂલ્યાંકન એટલે કે ફિઝીકલ-મોટર (ભૌતિક ગતિશીલ), સામાજિક-ભાવનાત્મક, ભાષા, જ્ઞાનાત્મક, નૈતિક તેમજ સર્જનાત્મક અને વિશિષ્ટ શાળા તત્પરતા કૌશલ્યો.

(ખ) મૂલ્યાંકન વિકાસાત્મક રીતે યોગ્ય, બાળકો પ્રત્યે મૈત્રીભર્યુ અને કોઇ ડર કે ભય વિનાનું, સર્વગ્રાહી અને એકત્રિત પ્રકારનું હોવું જોઇશે.

(ગ) મૂલ્યાંકન કરવાની પધ્ધતિમાં રોજિંદા અવલોકનો, અનૌપચારિક વાર્તાલાપ અને વિશિષ્ટ કૌશલ્યોના અવલોકનોનો સમાવેશ કરવો જોઇશે.

(ઘ) મૂલ્યાંકનનું પરિણામ બાળકોને તેમની શકિતઓનો પૂર્ણપણે વિકાસ કરવામાં મદદરૂપ બને અને પૂર્વ-શાળા અભ્યાસની ગુણવત્તા ધરાવતું અને શિક્ષકોને તેમના શિક્ષણ કાર્યક્રમોની સમીક્ષા અને સુધારણામાં મદદ કરે તેવું હોવું જોઇશે.

**૧૦. પૂર્વ-શાળા શિક્ષકોની તાલીમ અને મૂલ્યાંકન :** (૧) સમુચિત સત્તામંડળે, પૂર્વ-શાળા કેન્દ્રના શિક્ષકોની સામયિક તાલીમ અને તેમની કામગીરીના નિયમિત મૂલ્યાંકન માટેના માળખાની રચના કરવી જોઇશે.

(૨) સમુચિત સત્તામંડળે, પૂર્વ-શાળા તાલીમ સંસ્થાઓની પૂર્વ-સેવા તેમજ સેવા-અંતર્ગત તાલીમ માટેનો અભ્યાસક્રમ ઠરાવવો જોઇશે.

## પ્રકરણ- ૪

## શાળાઓ અને શિક્ષકોની જવાબદારીઓ

**૧૧. બિનસહાયિત શાળાઓમાં નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોના પ્રવેશ બાબત:**

(૧) જે બાળકોનો અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કુટુંબોના હોય તે બાળકોનો નબળા વર્ગો અને વંચિત જૂથોમા સમાવેશ થશે અને જેના માટે કોઇપણ સમુચિત સત્તામંડળના પ્રમાણપત્ર મારફત રાજય સરકાર દ્વારા આવા ખાસ દરરજાની માન્યતા પૂરતી રહેશે. જે બાળકોના કુટુંબોને તે ખાસ સમયે, (બીપીએલ) ગરીબી રેખા હેઠળ આવતી કુટુંબોની યાદીઓમાં દાખલ કરેલા હોય તેવા કુટુંબોના બાળકો, આર્થિક રીતે નબળા વર્ગોના કુટુંબોના બાળકો ગણાશે.

(૨) નિયામક, આવા પ્રવેશ માટે માર્ગદર્શિકાઓ બહાર પાડશે, જેને શાળાઓએ ફરજિયાતપણે અનુસરવાની રહેશે.

(૩) ખાસ વર્ગના બાળકોનો અન્ય બાળકો સાથે સમન્વય સાધવા માટે શાળા વ્યવસ્થાપક મંડળે, ખાસ વર્ગના બાળકો માટેની ખાસ તાલીમ હાથ ધરવી જોઇશે. વ્યાવસાયિકપણે યોજાતી તાલીમો મારફત આ બાળકોના યોગ્ય સમન્વય માટે શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન મંડળને, સુગ્રાહી બનાવવા જોઇશે.

(૪) ખાસ વર્ગના બાળકો માળખાકીય સગવડો, અભ્યાસપૂરક પ્રવૃત્તિઓની પ્રાપ્તિ અથવા શિક્ષકો, વ્યવસ્થાપક મંડળ અને /અથવા વિદ્યાર્થીઓના (ખાસ વર્ગના બાળકો પ્રત્યેના) વર્તનના સંબંધમાં કોઇ પણ સંજોગોમાં, ખાસ વર્ગના બાળકો પ્રત્યે કોઇ ભેદભાવ રાખવો જોઇશે નહિ. આ નિયમનું ગંભીર પ્રકારનું ઉલ્લંઘન થયે, માન્યતા પાછી ખેંચી લઇ શકાશે.

(૫) નિયમ ૫ના પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કરેલા નજીકના વિસ્તારો અથવા હદો, કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) અનુસાર આપેલા હોય તેવા પ્રવેશને લાગુ પડશે :

પરંતુ શાળા, કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)માં ઉલ્લેખેલા બાળકો માટેની બેઠકોની આવશ્યક ટકાવારી ભરવાના હેતુઓ માટે, રાજય સરકારની પૂર્વ-મંજૂરીથી આ હદો લંબાવી શકશે.

૧૨. **શિક્ષાત્મક કાર્યવાહી :** અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૧)ના ઉલ્લંઘન સંબંધી કોઇપણ ફરિયાદ મળ્યે, નિયામક અથવા તેમણે અધિકૃત કરેલા એવા અધિકારીઓએ જરૂરી તપાસ કરવી જોઇશે અને ફરિયાદમાં મહત્વની વિષયવસ્તુ હોય તો તેમણે સંબંધિત શાળા સંચાલક મંડળને નોટિસ આપવી જોઇશે. શાળા વ્યવસ્થાપક મંડળને લેખિત અને મૌખિક રજૂઆત કરવાની તક આપ્યા પછી, તેમણે અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૨)ની જોગવાઇઓ અનુસાર સાઇઠ (૬૦) દિવસની અંદર યોગ્ય હુકમ કરવો જોઇશે.

૧૩. **શાળાઓની માન્યતા :** (૧) આ અધિનિયમના આરંભ પહેલાં રાજય સરકારે અથવા સ્થાનિક સત્તામંડળે સ્થાપેલી, તેની માલિકીની અથવા તેનાથી નિયંત્રિત હોય તે શાળા સિવાયની દરેક વિદ્યમાન શાળાએ, આ નિયમોના આરંભથી ત્રણ મહિનાની મુદતની અંદર સ્વએકરાર કરવો જોઇશે અને દરેક નવી શાળાએ, આગામી શૈક્ષણિક સત્રનો જે વર્ષમાં આરંભ થતો હોય તે વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં, તેના પાલન અથવા અન્યથા અનુસૂચિમાં ઠરાવેલા માપદંડો અને ધોરણો સંબંધી સક્ષમ સત્તાધિકારીને નમૂના ૧માં અરજી કરવી જોઇશે અને તેની બીજી શરતો નીચે મુજબ છે :- શાળા,

(ક) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ૨૧મા) હેઠળ રજિસ્ટર થયેલ મંડળી અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલા સાર્વજનિક ટ્રસ્ટ અથવા કંપની અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬ના ૧લા)ની કલમ ૨૫ હેઠળ રજિસ્ટર થયેલી કોઇપણ કંપની દ્વારા ચલાવાતી હોય.

(ખ) શાળા, ભારતના સંવિધાનમાં પ્રતિષ્ઠાપિત મૂલ્યોનું પાલન કરતી હોવી જોઈશે.

(ગ) વર્ગખંડ તરીકે વપરાતા અથવા વાપરવા ધાર્યું હોય તેવો દરેક ખંડ, વર્ગના દરેક વિદ્યાર્થી માટે ૮ ચોરસ ફૂટને સમકક્ષ ન્યૂનતમ (કાર્પેટ એરિયા) ભોંયતળ ક્ષેત્રફળ ઉપરાંત અધ્યાપન માટે ૬૦ ચો.ફૂટનું વધારાનું ક્ષેત્રફળ ધરાવતો હોવો જોઈશે.

(ઘ) ખંડ (ગ)માં ઠરાવેલી શરતને અધીન રહીને, વર્ગખંડોનું (કાર્પેટ એરિયા) ભોંયતળ ક્ષેત્રફળ ૩૦૦ ચોરસ ફૂટથી ઓછું હોવું જોઈશે નહિ, પરંતુ એક કરતાં વધુ વર્ગખંડોનું (કાર્પેટ એરિયા) ભોંયતળ ક્ષેત્રફળ ત્રણસો ચોરસ ફૂટ કરતાં ઓછું હોય તો, શાળાનું વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ, નીચેના સૂત્ર પ્રમાણે ઘટેલા (નીચે સૂત્રબદ્ધ કરેલા) પ્રમાણથી, વધવું જોઈશે નહિ :-

વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ = (ચોરસ ફૂટમાં સૌથી નાના વર્ગખંડનું ક્ષેત્રફળ- સાઈઠ)/ આઠ

(ચ) શાળાના મકાનો અથવા બીજા બાંધકામો અથવા મેદાનોનો ઉપયોગ માત્ર શિક્ષણ અને કૌશલ વિકાસના હેતુઓ માટે કરવામાં આવે છે.

(છ) શાળા, રાજય સરકાર/ સ્થાનિક સત્તામંડળે અધિકૃત કરેલા કોઈપણ અધિકારી દ્વારા નિરીક્ષણ માટે ખુલ્લી રાખવામાં આવે છે.

(જ) નિયામક અથવા સક્ષમ સત્તાધિકારી વખતોવખત હુકમમાં નિર્દિષ્ટ કરે તેવા ફોર્મેટમાં અને તેટલી મુદતની અંદર, સામાન્ય અથવા ખાસ હુકમથી ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી શાળાએ પૂરી પાડવી જોઈશે અને માન્યતાની શરતોની સતત પરિપૂર્ણતાને સુનિશ્ચિત કરવા અથવા શાળાની કામગીરીમાં ખામીઓ દૂર કરવા માટે રાજય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ આપે તેવી સૂચનાનું પાલન કરે છે.

(ઝ) ખંડ (જ)ની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નિયામકે તેમ કરવા ફરમાવ્યું હોય તો શાળાએ તેવી વેબસાઈટ તૈયાર કરવી જોઈશે અને તેને નિભાવવી જોઈશે અને તેને અદ્યાવત રાખવી જોઈશે. વેબસાઈટ, નિયામક નિર્દિષ્ટ કરે તેવા ફોર્મેટમાં હોવી જોઈશે અને તેમાં તેવી માહિતી પૂરી પાડવી જોઈશે. શાળાએ નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર યોગ્ય રીતે અને સાચી રીતે, DISE વેબસાઈટ પર (ડિસ્ટ્રીકટ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજયુકેશન) DISE (ડિસ્ટ્રીકટ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજયુકેશન) ડેટા (માહિતી) પણ દર વર્ષે ભરવી જોઈશે.

(૨) સક્ષમ સત્તાધિકારીએ, વિદ્યમાન શાળાઓ દ્વારા પેટા-નિયમ (૧) હેઠળ કરવામાં આવેલ દરેક એકરાર અને વિદ્યમાન શાળા તરફથી મળેલ નમૂના ૧માં મેળવેલ નવી શાળા માટેની અરજી, તે મળ્યાના પંદર દિવસની અંદર જાહેર અધિકારક્ષેત્રમાં મૂકવી જોઈશે.

(૩) વિદ્યમાન શાળાઓએ, પેટા-નિયમ (૧) હેઠળ કરેલો દરેક એકરાર અને નવી શાળા માટેની અરજી, રાજય સરકાર નિર્દિષ્ટ કરે તેટલી ફી અને તેવા દસ્તાવેજ સાથે મૂર્ત (પ્રત્યક્ષ) સ્વરૂપમાં આપવી જોઈશે અને નિયામક ફરમાવે તો તેને ઈલેકટ્રોનિક સ્વરૂપમાં ઓનલાઈન પણ આપવા જોઈશે.

(૪) અધિકારીઓની બનેલી સમિતિ અથવા ત્રણ સભ્યોના બનેલા સક્ષમ સત્તાધિકારીએ નીમેલા સ્વાયત્ત (સ્વતંત્ર) મંડળે, સ્વએકરાર નમૂનો મળ્યાના ત્રણ મહિનાની અંદર, આવી શાળાઓનું સ્થળ પર નિરીક્ષણ કરવું જોઈશે અને શાળાએ માન્યતા માટેના માપદંડોના (ધોરણો) પરિપૂર્ણ કરેલ છે કે કેમ તે દર્શાવતો રિપોર્ટ સક્ષમ સત્તાધિકારીને રજૂ કરવો જોઈશે. દરેક ૩૦-૪૦ શાળાઓ માટે, આવી એક સમિતિની રચના કરવી જોઈશે.

(૫) પેટા-નિયમ (૪)માં ઉલ્લેખેલું નિરીક્ષણ કર્યા પછી, સક્ષમ સત્તાધિકારીએ નિરીક્ષણ રિપોર્ટ જાહેર અધિકારક્ષેત્રમાં (શિક્ષણ વિભાગની વેબસાઈટ)માં મૂકવો જોઈશે અને માપદંડો અને ધોરણોનું પાલન કરતી જણાતી હોય તેવી શાળાઓને સક્ષમ સત્તાધિકારીએ, નિરીક્ષણ કર્યાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની મુદતની અંદર નમૂના ૨માં માન્યતા આપવી જોઈશે.

(૬) જે શાળાઓ પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલા માપદંડો અને ધોરણોનું પાલન કરતી ન હોય તેની સક્ષમ સત્તાધિકારીએ હુકમથી, યાદી બનાવવી જોઈશે. આવા કેસોમાં, આવી શાળાએ, માન્યતા મેળવવાના હેતુઓ માટે,

સ્થળ પરના બીજા (દ્વિતીય) નિરીક્ષણ માટે રૂપિયા પાંચ હજારની ફી ભરીને, સક્ષમ સત્તાધિકારીને પંદર (૧૫) દિવસની મુદતની અંદર અરજી કરવી જોઇશે.

(૭) જે વિદ્યમાન શાળાઓ પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલા માપદંડો અને ધોરણોનું પાલન કરતી ન હોય તે શાળાઓએ અપૂરતા માપદંડો અને ધોરણોનું સૂચીકરણ કરીને, જે સમયમર્યાદામાં એવા માપદંડો અને ધોરણોનું તેણે પાલન કરવું જોઇશે તેવી આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષથી મોડુ નહિ તેટલી સમયમર્યાદા અંગેના સોંગદનામા સાથે માન્યતા અંગેનું કામચલાઉ પ્રમાણપત્ર કાઢી આપવા માટે, સક્ષમ સત્તામંડળને અરજી કરવી જોઇશે.

(૮) માન્યતા મળેલી ન હોય તેવી નવી શાળાએ, નિયામકને અપીલ કરી શકશે અથવા પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલા માપદંડો અને ધોરણોનું પાલન કરવા માટેના પગલાં લેવા જોઇશે અને ત્યારપછીના શૈક્ષણિક વર્ષો માટે નવી અરજી કરવી જોઇશે.

(૯) જે વિદ્યમાન શાળાએ, અધિનિયમના આરંભ પછીના ત્રણ વર્ષની અંદર, પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલા ધોરણો અને માપદંડોનું પાલન ન કરે અથવા માન્યતા માટેના કામચલાઉ પ્રમાણપત્રની કોઇપણ શરતોનું ઉલ્લંઘન કરે તે વિદ્યમાન શાળા કામગીરી કરતી બંધ થશે. આ અધિનિયમના આરંભ પછી, રાજય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળે સ્થાપેલી, તેની માલિકીની અથવા તેના દ્વારા નિયંત્રિત હોય તે શાળા સિવાયની દરેક શાળાએ, પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલા માપદંડો અને ધોરણોનું પાલન કરવું જોઇશે.

**સ્પષ્ટીકરણ :** આ નિયમના હેતુઓ માટે, ''વિદ્યમાન શાળાઓ'' એટલે ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના મુંબઇના ૬૧મા) હેઠળ માન્યતા આપવામાં આવી હોય અને આવી માન્યતા ચાલુ હોય તે શાળા.

**૧૪. માન્યતા પાછી ખેંચી લેવા બાબત.-** (૧) સક્ષમ સત્તાધિકારીએ તેની પોતાની મેળે અથવા કોઇ વ્યકિત તરફથી રજૂઆત મળ્યે, તેની લેખિતમાં નોંધ કરીને તેમ માનવાને કારણ હોય કે નિયમ ૧૩ હેઠળ માન્યતા મેળવેલી શાળાએ, માન્યતા આપવા માટેની કોઇપણ શરતોનો ભંગ કરેલ છે અથવા અધિનિયમની અનુસૂચિમાં ઠરાવેલા માપદંડો અને ધોરણો પરિપૂર્ણ કર્યા નથી ત્યારે સક્ષમ સત્તાધિકારીએ,-

(ક) માન્યતા આપવા માટેની જે શરતોનો ભંગ કરવામાં આવ્યો હોય તે શરતો નિર્દિષ્ટ કરતી નોટિસ શાળાને આપવી જોઇશે અને એક મહિનાની અંદર તે અંગેનું સ્પષ્ટીકરણ માગવું જોઇશે.

(ખ) શાળાએ રજૂ કરેલા સ્પષ્ટીકરણ પર વિચારણા કરવી જોઇશે અને તે સંતોષકારક ન જણાય તો અથવા નિયત સમયગાળાની અંદર કોઇ સ્પષ્ટીકરણ ન મળે તો, તેઓ, શિક્ષણશાસ્ત્રીઓ, સભ્ય સમાજના પ્રતિનિધિઓ, મીડિયા અને સરકારી પ્રતિનિધિઓનો સમાવેશ કરતી પાંચ સભ્યોથી વધુ ન હોય તેટલા સભ્યોના બનેલી સમિતિએ કરવાનું શાળાનું નિરીક્ષણ કરાવડાવવી શકશે, જેણે તપાસ કરવી જોઇશે અને માન્યતા ચાલુ રાખવા અથવા તેને પાછી ખેંચી લેવા માટે, પોતાની ભલામણો સહિતનો રિપોર્ટ સક્ષમ સત્તાધિકારીને રજૂ કરવો જોઇશે.

(ગ) ખંડ (ખ)માં ઉલ્લેખેલ રિપોર્ટ મળ્યે, સક્ષમ સત્તાધિકારીએ તેને પોતાના વિવરણ સહિત નિયામકને મોકલવો જોઇશે, જેમણે, પોતાની ભલામણો સાથે, તે પછી રાજય સરકારને મોકલવો જોઇશે.

(૨) રાજય સરકારે, પેટા-નિયમ (૧)ના ખંડ (ગ)માં ઉલ્લેખેલ રિપોર્ટ અને ભલામણોને વિચારણામાં લીધા પછી, સક્ષમ સત્તાધિકારીને પોતાના નિર્ણયની જાણ કરવી જોઇશે.

(૩) સક્ષમ સત્તાધિકારી, રાજય સરકારના નિર્ણયના આધારે, શાળાને આપેલી માન્યતા રદ કરતો હુકમ પસાર કરી શકશે. માન્યતા રદ કરતો હુકમ તરતજ પછીના શૈક્ષણિક વર્ષથી અમલમાં આવશે અને માન્યતા રદ કરાયેલા શાળાઓના બાળકોને જે નજીકની શાળાઓમાં પ્રવેશ આપવો જોઇશે તે નજીકની શાળાઓ નિર્દિષ્ટ કરવી જોઇશે.

**૧૫. શાળા માટેના માપદંડો અને ધોરણો.-** (૧) વિદ્યમાન માન્ય શાળાઓ, ભૌતિક મર્યાદાઓને કારણે, માળખાકીય સંબંધી માપદંડો પરિપૂર્ણ કરવામાં સમર્થ ન હોય ત્યારે તે કિસ્સામાં, બાળકોના શિક્ષણના અધિકારોનું રક્ષણ કરવા માટે આવી શાળાઓને છૂટછાટ આપી શકાશે. જે શાળાઓએ પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની, અધ્યયન શિક્ષણનું અમુક સ્તર સિધ્ધ કરેલ હોય તે શાળાઓને આવી છૂટછાટ આપી શકાશે. નિયામકને, પ્રાથમિક શિક્ષણમાં માપદંડો અને ધોરણોમાં છૂટછાટ આપવાની સત્તા રહેશે. શાળા, અધિનિયમમાં અને નિયમોમાં નિર્દિષ્ટ કરેલા ન્યૂનતમ ધોરણોને, આ હેતુ માટે આપવામાં આવી હોય તે સમયમર્યાદાની અંદર પરિપૂર્ણ કરવા માટે સક્ષમ ન હોય તો તે કિસ્સામાં, સરકાર શાળા પોતાને હસ્તક લઈ શકશે અથવા શાળાનું સંચાલન, બીજા સંચાલક મંડળને સોંપી શકશે.

(૨) શાળાઓને માન્યતા આપવા માટેની સ્વએકરાર-સહ-અરજી, પરિશિષ્ટ-૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે.

**૧૬. શાળા વ્યવસ્થાપક સમિતિની રચના અને કાર્યો.-**(૧) બિનસહાયિત શાળા સિવાયની દરેક શાળાએ નિયત તારીખથી છ મહિનાની મુદતની અંદર શાળા વ્યવસ્થાપક સમિતિ (જેને આમાં હવે પછી, "સમિતિ" તરીકે કહેવામાં આવી છે તે) ની રચના કરવી જોઈશે અને સમિતિની દર બે વર્ષે પુનર્રચના કરવી જરૂરી રહેશે. સમિતિ બાર (૧૨) સભ્યોની બનશે જેમાંથી ૫૦% સભ્યો મહિલા સભ્યો રહેશે.

(૨) સમિતિના સભ્યોના પંચોતેર ટકા સભ્યો, બાળકોના માતાપિતા અથવા વાલીઓમાંથી રહેશે. શાળાએ, વંચિત જૂથ અને નબળા વર્ગના બાળકોના માતાપિતા અથવા વાલીઓને સદરહુ સમિતિમાં પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવું જોઈશે.

(૩) સમિતિના બાકીના પચીસ ટકા સભ્યો, નીચેની વ્યકિતઓમાંથી રહેશે :-

(ક) સ્થાનિક સત્તામંડળ, નામનિયુકત કરે તેવા સ્થાનિક સત્તામંડળના ચૂંટાયેલા સભ્યોમાંથી એક તૃતીયાંશ સભ્યો રહેશે;

અથવા સહાયક અનુદાન (ગ્રાન્ટ) મેળવતી શાળાઓના કિસ્સામાં સંચાલક મંડળ અથવા ટ્રસ્ટમાંથી;

(ખ) આવી શાળાના શિક્ષકોએ નકકી કરવાના, શાળાના શિક્ષકોમાંથી એક તૃતીયાંશ સભ્યો;

(ગ) સમિતિમાં હોય તેવા માતાપિતા અથવા વાલીઓ નક્કી કરે તેવા, સ્થાનિક શિક્ષણશાસ્ત્રીઓ/ શાળામાંના બાળકોમાંથી બાકીના એક તૃતીયાંશ સભ્યો;

(ઘ) સ્થાનિક મંડળ (ગામમાં મંડળ ન હોય તો નજીકના ગામમાંનું મંડળ) (સમિતિના અધ્યક્ષ દ્વારા નામનિયુકત કરવાનું)

(૪) પોતાના કામકાજના સંચાલન માટે, સમિતિએ, સમિતિમાં સભ્ય તરીકે હોય તેવા માતાપિતા તરીકેના સભ્યોમાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને ચૂંટવા જોઈશે. શાળાના મુખ્ય શિક્ષક અથવા શાળાને મુખ્ય શિક્ષક ન હોય ત્યારે શાળાના સિનિયર મોસ્ટ શિક્ષક, હોદ્દાની રૂએ, સમિતિના સભ્ય-નિયંત્રક (કન્વીનર) રહેશે.

(૫) સમિતિની બેઠક, ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એક વખત મળશે અને બેઠકોની કાર્યનોંધ અને નિર્ણયો, યોગ્યપણે નોંધવા જોઈશે અને લોકોને ઉપલબ્ધ કરવા જોઈશે.

(૬) સમિતિએ, અધિનિયમની કલમ ૨૧ની પેટા-કલમ (૨)ના ખંડો (ક)થી (ઘ)માં નિર્દિષ્ટ કરેલી કામગીરી ઉપરાંત, નીચેની કામગીરી કરવી જોઈશે, જેના માટે તે પોતાના સભ્યોમાંથી કાર્યકારી જૂથોની રચના કરી શકશે.

(ક) અધિનિયમમાં નિરુપણ કર્યા પ્રમાણેના બાળકના અધિકારો તેમજ રાજય સરકાર, સ્થાનિક સત્તામંડળ, શાળા, માતાપિતા અને વાલીની ફરજો સંબંધી માહિતી પણ સરળ અને સર્જનાત્મક રીતે, શાળાની નજીકની વસ્તીમાં કરવી જોઈશે;

(ખ) અધિનિયમની કલમ ૨૪ ના ખંડો (ક) અને (ચ) અને કલમ ૨૮નું અમલીકરણ સુનિશ્ચિત કરવું જોઈશે ;

(ગ) કલમ ૨૭માં નિર્દિષ્ટ કરેલી હોય તે સિવાયની બિનશૈક્ષણિક ફરજો શિક્ષકો પર લાદવામાં ન આવે તેના પર દેખરેખ-નિયંત્રણ રાખવું જોઈશે;

(ઘ) શાળામાં નજીકમાંથી તમામ બાળકોની પ્રવેશ-નોંધણી અને સતત હાજરીને સુનિશ્ચિત કરવી જોઈશે;

(ચ) અનુસૂચિમાં ઠરાવેલા માપદંડો અને ધોરણોની જાળવણી પર દેખરેખ-નિયંત્રણ રાખવું જોઇશે;

(છ) બાળકના અધિકારોમાં કોઇપણ વિચલન (ઉલ્લંઘન) થયું હોય, ખાસ કરીને બાળકોને માનસિક અને શારીરિક ત્રાસ, પ્રવેશનો ઇનકાર અને અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની, નિઃશુલ્ક હકદારીની યોગ્ય જોગવાઇઓના કોઇપણ ઉલ્લંઘનની જાણ સ્થાનિક સત્તામંડળના ધ્યાને લાવવી જોઇશે;

(જ) જરૂરિયાતોને ઓળખવી જોઇશે, યોજના તૈયાર કરવી જોઇશે અને અધિનિયમની કલમ ૪ની જોગવાઇઓના અમલીકરણ પર દેખરેખ-નિયંત્રણ રાખવું જોઇશે;

(ઝ) અશક્ત બાળકોની ઓળખ અને તેમની પ્રવેશ-નોંધણી અને તેમના માટેની સુવિધાઓનું દેખરેખ-નિયંત્રણ રાખવું જોઇશે અને પ્રારંભિક શિક્ષણમાં તેમની સહભાગિતા અને તેમણે પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરવા અંગેની બાબતો સુનિશ્ચિત કરવી જોઇશે;

(ટ) શાળામાં મધ્યાહ્ન ભોજનના અમલીકરણ પર દેખરેખ-નિયંત્રણ રાખવું જોઇશે;

(ઠ) શાળાની આવકો અને ખર્ચનો વાર્ષિક હિસાબ તૈયાર કરવો જોઇશે.

(૭) અધિનિયમ હેઠળના પોતાના કાર્યોના પાલનમાં સમિતિએ મેળવેલ કોઇપણ નાણા અલગ ખાતામાં જમા કરવા જોઇશે અને રાખવા જોઇશે અને તેનું દર વર્ષે ઓડિટ કરાવડાવવું જોઇશે.

(૮) પેટા-નિયમ (૭)માં ઉલ્લેખેલા હિસાબો પર સમિતિના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષે અને નિયંત્રકે (કન્વીનરે) સહી કરવી જોઇશે અને તે (હિસાબો) તૈયાર થયાના એક મહિનાની અંદર સ્થાનિક સત્તામંડળને ઉપલબ્ધ કરવા જોઇશે.

(૯) સમિતિએ, નિયમ-૧૭ હેઠળ તૈયાર કરેલી શાળા વિકાસ યોજનાના અમલીકરણનું પોતાનું મૂલ્યાંકન કરતો વાર્ષિક રિપોર્ટ, દરેક શૈક્ષણિક વર્ષના અંતે તૈયાર કરવો જોઇશે. વર્ષ દરમિયાન સમિતિએ હાથ ધરેલી પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત માહિતીનો રિપોર્ટમાં સમાવેશ થવો જોઇશે. રિપોર્ટની નકલ, સમૂહ પ્રાપ્તિસ્થાન કેન્દ્ર (કલસ્ટર રિસોર્સ સેન્ટર) ના સંબંધિત સંકલનકાર (કો-ઓર્ડિનેટર)ને મોકલવી જોઇશે અને તેને ગ્રામસભા સમક્ષ પણ મૂકવી જોઇશે.

**૧૭. શાળા વિકાસ યોજના તૈયાર કરવા બાબત.-** (૧) અધિનિયમ હેઠળ રચાયેલ શાળા વ્યવસ્થાપક સમિતિએ જે નાણાકીય વર્ષમાં તેની પ્રથમ રચના કરવામાં આવી હોય તે નાણાકીય વર્ષ પૂરું થવાના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં શાળા વિકાસ યોજના તૈયાર કરવી જોઇશે.

(૨) શાળા વિકાસ યોજના, ત્રણ વાર્ષિક પેટા-યોજનાઓની બનેલી ત્રણ વર્ષીય યોજના તરીકે રહેશે.

(૩) શાળા વિકાસ યોજનામાં નીચેની વિગતોનો સમાવેશ થશે :-

(ક) દરેક વર્ષ માટે પ્રવેશ નોંધણીના વર્ગદીઠ અંદાજો;

(ખ) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા માપદંડોના સંદર્ભમાં, ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ માટે અલગપણે મુખ્ય શિક્ષકો, વિષય શિક્ષકો અને અંશકાલિક (ખંડ સમયના) શિક્ષકો સહિત વધારાના શિક્ષકોની ગણતરી કરેલ સંખ્યામાં ત્રણ વર્ષથી વધુ મુદત માટે જરૂરિયાત;

(ગ) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા માપદંડો અને ધોરણોના સંદર્ભમાં, ગણતરી કરેલી ત્રણ વર્ષથી વધુ મુદત માટે, વધારાની માળખાકીય સગવડો અને સાધનસામગ્રીની પ્રત્યક્ષ જરૂરિયાત;

(ઘ) કલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ખાસ તાલીમ સુવિધા પૂરી પાડવા માટે વધારાની જરૂરિયાત, નિઃશુલ્ક પાઠયપુસ્તકો અને ગણવેશ જેવી બાળકોની હકદારી અને અધિનિયમ હેઠળની શાળાની જવાબદારીઓ પરિપૂર્ણ કરવા માટેની બીજી કોઇ વધારાની નાણાકીય જરૂરિયાત સહિત ઉપરના ખંડો (ખ) અને (ગ)ના સંબંધમાં, ત્રણ વર્ષથી વધુ મુદત માટે વર્ષ દીઠ વધારાની નાણાકીય જરૂરિયાત.

(૪) શાળા વિકાસ યોજના પર શાળા વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ અને નિયંત્રકે (કન્વીનરે) સહી કરવી જોઇશે અને જે નાણાકીય વર્ષમાં શાળા વિકાસ યોજના તૈયાર કરવામાં આવી હોય તે નાણાકીય વર્ષ પૂરુ થતાં પહેલાં શાળા વિકાસ યોજના સ્થાનિક સત્તામંડળને રજૂ કરવી જોઇશે.

૧૮. ***શિક્ષકોએ લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરવા બાબત.***- (૧) રાજ્ય સરકારે, અધિનિયમના આરંભ વખતે લઘુત્તમ લાયકાત ધરાવતા ન હોય તેવા, કલમ ૨ના ખંડ (થ)ના પેટા-ખંડો (૧) અને (૩)માં ઉલ્લેખેલી શાળાઓના તમામ શિક્ષકો, અધિનિયમના આરંભથી પાંચ વર્ષની મુદતની અંદર આવી લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરે, એ બાબત સુનિશ્ચિત કરવા માટે, શિક્ષકોને શિક્ષણ (તાલીમ) આપવા માટેની પૂરતી સુવિધા પૂરી પાડવી જોઈશે.

(૨) અધિનિયમના આરંભ વખતે લઘુત્તમ લાયકાત ધરાવતા ન હોય તેવા, કલમ ૨ના ખંડ (થ)ના પેટા-ખંડો (૨) અને (૪)માં ઉલ્લેખેલી કોઈપણ શાળાના શિક્ષક માટે, આવી શાળાના વ્યવસ્થાપક મંડળ-એ, આવા શિક્ષક, અધિનિયમના આરંભથી પાંચ વર્ષની મુદતની અંદર, આવી લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરી શકે તે અંગેની સુવિધા પૂરી પાડવી જોઈશે.

૧૯. ***વિદ્યાસહાયક અથવા શિક્ષકોના પગાર અને ભથ્થાં અને સેવાની શરતો.***- (૧) રાજ્ય સરકારે, શિક્ષકોનો વ્યાવસાયિક અને કાયમી સંવર્ગ ઊભો કરવાના હેતુથી, રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ-એ સ્થાપેલી, તેમની માલિકીની અથવા તેમના દ્વારા નિયંત્રિત શાળાઓના શિક્ષકો અને વિદ્યાસહાયકોની સેવાની બોલીઓ અને શરતો અને તેમના પગાર અને ભથ્થાં જાહેર કરવા જોઈશે.

(૨) ખાસ કરીને અને પેટા-નિયમ (૧)ને બાધ આવ્યા સિવાય, સેવાની નીચેની બોલીઓ અને શરતો વિચારણામાં લેવી જોઈશે:-

(ક) કલમ ૨૧ હેઠળ રચાયેલી શાળા વ્યવસ્થાપક સમિતિ પ્રત્યેની શિક્ષકોની જવાબદારી.

(ખ) શિક્ષણના વ્યવસાયમાં શિક્ષકો અને વિદ્યાસહાયકોનો લાંબા ગાળાનો હિતસંબંધ સ્થાપવા અંગેની જોગવાઈઓ.

૨૦. ***શિક્ષકો અથવા વિદ્યાસહાયકોએ બજાવવાની ફરજો.***- (૧) કલમ ૨૪ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા કાર્યો કરતી વખતે અને કલમ ૨૯ની પેટા-કલમ (૨)ના ખંડ (ઝ)ની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવા માટે, શિક્ષક-એ દરેક બાળકની, (વિદ્યાર્થી પ્રગતિ રેકર્ડ) વિદ્યાર્થી તરીકેના એકત્રિત (તમામ) રેકર્ડ ધરાવતી ફાઈલ નિભાવવી જોઈશે, જે (ફાઈલ) કલમ ૩૦ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા પૂર્ણતા-પ્રમાણપત્ર એનાયત કરવા માટેના આધાર તરીકે ગણાશે.

(૨) કલમ ૨૪ની પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ચ)માં નિર્દિષ્ટ કરેલા કાર્યો ઉપરાંત, શિક્ષક, શિક્ષણ આપવાના રોજબરોજના કાર્યમાં હસ્તક્ષેપ થવા દીધા સિવાય, તેને અથવા તેણીને સોંપવામાં આવેલી નીચેની ફરજો બજાવી શકશે.-

ક) તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેવો;

ખ) અભ્યાસક્રમો ઘડવામાં અને પાઠ્યક્રમ, ટ્રેનીંગ મોડ્યુલ અને પાઠ્ય-પુસ્તકો તૈયાર કરવામાં ભાગ લેવો.

૨૧. ***શાળાએ બજાવવાની ફરજો.- (૧) હાજરી.***- દરેક શાળાએ, દરેક વર્ગ માટેનું એક હાજરીપત્રક નિભાવવું જોઈશે, જેમાં વિદ્યાર્થીની દૈનિક (દરરોજની) હાજરીની નોંધ કરવામાં આવશે. વિદ્યાર્થી, અગાઉથી પરવાનગી લીધા સિવાય, એક મહિનામાં ૧૦ દિવસથી વધુ દિવસ ગેરહાજર રહે, તો શાળાએ તેના માતા-પિતાને અને શાળા વ્યવસ્થાપક સમિતિને પત્ર મોકલવો જોઈશે, જેઓ આવી ગેરહાજરી માટેના કારણો જાણવા (શોધી કાઢવા) માટેના તમામ પ્રયત્નો કરશે અને આવા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત હાજર રહે તે માટેના તમામ પ્રયત્નો કરશે. વિદ્યાર્થીઓ પોતાની હાજરીની જાતે જ નોંધ કરે તેવી પધ્ધતિ દાખલ કરવા માટે શાળાને પ્રોત્સાહન પણ આપવું જોઈશે. નિયામક-એ, વિદ્યાર્થીઓની હાજરીની નોંધ કરવા માટે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા અંગે પ્રોત્સાહન આપવું જોઈશે.

(૨) **સમય-પત્રક (ટાઈમ-ટેબલ).**- દરેક શાળાએ, દરેક વિષય માટે લેવાના પિરિઅડ (તાસ) દર્શાવતું સમય-પત્રક નિભાવવું જોઈશે. તેમાં પર્યટન, રમતગમત અને સૌંદર્યલક્ષી કળા (સૌંદર્યશાસ્ત્ર) તથા બીજી અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ માટે પૂરતા પિરિઅડ (તાસ)ની જોગવાઈ કરવામાં આવશે.

(૩) **રજિસ્ટર (પત્રક), રેકર્ડ અને પત્રવ્યવહાર.**- (ક) દરેક શાળામાં નીચેના રજિસ્ટર (પત્રકો) અને રેકર્ડ નિભાવવા જોઈશે:

(૧) સામાન્ય રજિસ્ટર.

(૨) વિદ્યાર્થીઓનું દૈનિક હાજરી-પત્રક.

(૩) શિક્ષકોનું દૈનિક હાજરી-પત્રક.

(૪) ડેડ સ્ટોક રજિસ્ટર.

(૫) લાઈબ્રેરી (ગ્રંથાલય) રજિસ્ટર.

(૬) માસિક અહેવાલ / પત્રકો.

(૭) આવક અને જાવક રજિસ્ટર અને ટપાલ-ખર્ચ પોથી (ટપાલ-ખર્ચ વહી).

(૮) સમય-પત્રક (ટાઈમ ટેબલ).

(૯) કર્મચારીઓની સેવા પોથી.

(૧૦) વય પ્રમાણપત્રની ફાઈલ.

(૧૧) શાળા છોડ્યાના પ્રમાણપત્રની ફાઈલ.

(૧૨) મુલાકાતી પોથી.

(૧૩) વિદ્યાર્થીઓની પરીક્ષા અને બઢતી અંગેના રેકર્ડ વગેરે.

(૧૪) આવક અને ખર્ચના હિસાબ.

(ખ) તમામ રેકર્ડ ક્રમશઃ (ધીરે ધીરે) ઇલેક્ટ્રોનિક (વીજાણુ) પદ્ધતિથી (કોમ્પ્યુટરાઈઝ્ડ) રાખવા જોઈશે.

(ગ) નિયામક, પેટા-નિયમ (૧)માં ઠરાવેલા રજિસ્ટર અને રેકર્ડ જે નમૂનામાં નિભાવવા જોઈશે તે નમૂના વખતોવખત નિર્દિષ્ટ કરી શકશે.

(ઘ) પેટા-નિયમ (૧) હેઠળ રાખેલા રજિસ્ટર અને રેકર્ડ શાળાની મિલકત છે. ખંડ (ક)ના પેટા-ખંડ (૧)માં ઠરાવેલ સામાન્ય રજિસ્ટરનો કોઈપણ સંજોગોમાં નાશ કરી શકાશે નહિ. નિયામક-એ, સાચવી રાખવાના બીજા રજિસ્ટર માટેની મુદત વખતોવખત નિર્દિષ્ટ કરવી જોઈશે.

(ચ) શાળા કાયમી ધોરણે (હંમેશ માટે) બંધ કરવામાં આવે, તો સામાન્ય રજિસ્ટર અને બીજા રજિસ્ટર / રેકર્ડ, પે સેન્ટર સ્કૂલ (પગાર કરતી શાળા)ને સોંપી દેવા જોઈશે. સક્ષમ સત્તાધિકારીએ, કાયમી ધોરણે (હંમેશ માટે) બંધ થયેલી તમામ શાળાના સામાન્ય રજિસ્ટરની યાદી નિભાવવી જોઈશે.

(છ) શાળાના મુખ્ય શિક્ષક, તમામ અહેવાલ અને પત્રકો સમયસર રજૂ કરવા માટે, રજિસ્ટર વ્યવસ્થિત રીતે અને નિયમિત તૈયાર કરવા માટે તથા શાળાના રેકર્ડની સુરક્ષિત કસ્ટડી માટે જવાબદાર રહેશે.

૨૨. ***શિક્ષકો અથવા વિદ્યાસહાયકો માટેનું ફરિયાદ નિવારણ તંત્ર.-*** (૧) કલમ ૨૧ હેઠળ રચાયેલી શાળા વ્યવસ્થાપક સમિતિ, તેમાં નિર્દિષ્ટ કરેલ શાળાઓના શિક્ષકોની ફરિયાદ નિવારણ માટેનું પ્રથમ સ્તર ગણાશે.

(૨) રાજ્ય સરકારે,-

(૧) કલમ ૨ના ખંડ (થ)ના પેટા-ખંડ (૪)માં ઉલ્લેખેલી શાળાઓના વ્યવસ્થાપક મંડળ અને સરકાર વચ્ચેના વિવાદ (તકરાર)ની પતાવટ માટે અને તે અંગેનો નિર્ણય કરવા માટે, રાજ્ય સ્તરે ટ્રિબ્યુનલની રચના કરવી જોઈશે, અને

(૨) કલમ ૨ના ખંડ (થ)ના પેટા-ખંડ (૪)માં ઉલ્લેખેલી શાળાઓના વ્યવસ્થાપક મંડળ અને સ્ટાફ વચ્ચેના વિવાદ (તકરાર)ની પતાવટ માટે અને તે અંગેનો નિર્ણય કરવા માટે, જિલ્લા અથવા પ્રાદેશિક સ્તરે ટ્રિબ્યુનલની રચના કરવી જોઈશે.

## પ્રકરણ - ૫

## પ્રારંભિક શિક્ષણનો અભ્યાસક્રમ અને તેનું સમાપન

૨૩. ***અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પદ્ધતિ ઠરાવનાર શૈક્ષણિક સત્તામંડળ.***- (૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ) (જેનો આમાં હવે પછી, "GCERT" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પદ્ધતિ ઠરાવનાર શૈક્ષણિક સત્તામંડળ ગણાશે. સરકાર, બાળકોનું મૂલ્યાંકન કરવાની તથા શાળાને દરજ્જો આપવાની કામગીરી કરવા માટે બીજી નિષ્ણાત એજન્સીઓ ઊભી કરી શકશે અને તેને અધિકૃત કરી શકશે.

(૨) GCERT-એ, દરેક ધોરણના અંતે અને દરેક વિષયમાં બાળકોએ પ્રાપ્ત કરવાના અધ્યયનના પરિણામો (અધ્યયન નિષ્પત્તિ- learning outcomes) નક્કી કરવા જોઈશે અને આ પરિણામો (નિષ્પત્તિ)ને આધારે રાજ્યના પાઠ્યપુસ્તકો અથવા અધ્યયનની સામગ્રી અને શિક્ષકોની તાલીમની સામગ્રી મંજૂર કરવી જોઈશે.

(૩) GCERT-એ, પોતે આખરી રૂપ આપેલા અભ્યાસક્રમ અને અધ્યયનના પરિણામોના ધોરણો સાથે સુસંગત જણાય, તો ખાનગી પ્રકાશકો અથવા પીપીપી ના ભાગીદારોએ તૈયાર કરેલા પાઠ્યપુસ્તકો અથવા અધ્યયનની સામગ્રી મંજૂર કરવા માટેની પણ વ્યવસ્થા કરવી જોઈશે.

(૪) GCERT-એ, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટેની માર્ગદર્શિકા વખતોવખત બહાર પાડવી જોઈશે. દરેક શાળાએ આ માર્ગદર્શિકા અનુસાર સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકન કરવું જોઈશે.

(૫) GCERT-એ, યોગ્ય વિકાસલક્ષી મૂલ્યાંકનો તૈયાર કરવા જોઈશે અથવા તૈયાર કરાવડાવવા જોઈશે અને તમામ પ્રારંભિક શાળાના શિક્ષકોએ, વર્ષમાં એક વખત, બાળકોની સિધ્ધિ અંગેના વિશ્વસનીય ફીડ-બેક (અભિપ્રાય) આપવા માટે, તેનો ઉપયોગ કરવો જોઈશે.

(૬) GCERT-એ, અધ્યયનના અપેક્ષિત ધોરણો હાંસલ કરવા માટે અસમર્થ હોય તેવા બાળકો માટે, (તેમના) પરીક્ષણ-અહેવાલના આધારે, ખાસ તાલીમ-શિક્ષણ કાર્યક્રમો યોજવા જોઈશે. શિક્ષકોની સેવા-અંતર્ગત તાલીમમાં તેમને આપવામાં આવેલા શિક્ષણ (input) મારફત શિક્ષકોએ આ કાર્યક્રમોનો અમલ કરવો જોઈશે.

૨૪. ***અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પદ્ધતિ.***- GCERT-એ, કલમ ૨૯ની પેટા-કલમ (૧) હેઠળ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પદ્ધતિ ઠરાવતી વખતે, નીચેની બાબતો વિચારણામાં લેવી જોઈશે:-

(ક) સંવિધાનમાં જણાવેલા મૂલ્યોની સમીક્ષા.

(ખ) (૧) ભાષા-કૌશલ, આંકડાકીય-કૌશલ, આત્મવિશ્વાસ,

(૨) સામાજિક અને નૈતિક મૂલ્યો,

(૩) સુટેવો (સારી આદતો)નું, મૂલ્યાંકન.

(ગ) વિદ્યાર્થીના જ્ઞાન, કાર્યદક્ષતા (સામર્થ્ય) અને માનસિક ક્ષમતાનું મૂલ્યાંકન કરવું.

(ઘ) શારીરિક અને માનસિક ક્ષમતાઓના વિકાસનું પૂર્ણપણે મૂલ્યાંકન કરવું.

(ચ) ડર, માનસિક આઘાત અને ચિંતા ઉપજાવે તેવું મૂલ્યાંકન ન હોવું જોઈએ.

(છ) સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકન, તેનો અમલ કરવા માટે જ્ઞાન અને ક્ષમતાની જાણકારી, અભ્યાસક્રમ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ.

(જ) વિદ્યાર્થીઓની પ્રગતિ અને વિકાસ અને શિક્ષકોની કામગીરી જાણવા માટે વિવિધ મૂલ્યાંકનોના પરિણામોનો ઉપયોગ કરવો જોઈશે.

૨૫. ***સામયિક (મુદતી) તાલીમ અને નિયમિત મૂલ્યાંકન માટેનું તંત્ર ઊભું કરવા બાબત.***- GCERT-એ, સામયિક (મુદતી) તાલીમ માટેનું અને CRCs અને BRCsની કામગીરીનું નિયમિત મૂલ્યાંકન કરવા માટેનું તંત્ર ઊભું કરવું જોઈશે.

૨૬. ***શિક્ષકોના સેવા-અંતર્ગત તાલીમ કાર્યક્રમોનું સામયિક (મુદતી) બાહ્ય મૂલ્યાંકન.***- GCERT-એ, શિક્ષકોના સેવા-અંતર્ગત તાલીમ કાર્યક્રમોના સામયિક (મુદતી) બાહ્ય મૂલ્યાંકન માટેની વ્યવસ્થા કરવી જોઈશે અને આવા કાર્યક્રમોને અદ્યાવત કરવા માટે મૂલ્યાંકનના આવા અભ્યાસોની માહિતી (input)નો ઉપયોગ કરવો જોઈશે.

૨૭. ***શિક્ષણની ગુણવત્તા અંગેના સામયિક (મુદતી) મૂલ્યાંકન બાબત અને તે અંગેનો રિપોર્ટ તૈયાર કરવા બાબત.***- (૧) સરકારે, શિક્ષણની ગુણવત્તાનું સામયિક (મુદતી) મૂલ્યાંકન કરવા માટે એક સ્વતંત્ર સંસ્થા અથવા શાખા (વીંગ) પણ ઊભી કરવી જોઈશે અને ગુજરાત રાજ્યની શાળામાં "શાળાના શિક્ષણની ગુણવત્તાના દરજ્જા" અંગેનો રિપોર્ટ તૈયાર કરવો જોઈશે.

(૨) સરકારે, અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ સહિત, ગુણવત્તાના વિવિધ માપદંડો અને છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન જોવા મળેલી પ્રગતિને આધારે પોઈન્ટ આપીને, રાજ્યની દરેક પ્રાથમિક શાળાને સમયાંતરે શ્રેણીબદ્ધ ગોઠવવા (ગ્રેડ આપવા) માટેની વ્યવસ્થા કરવી જોઈશે.

૨૮. ***નિયમિતપણે દેખરેખ-નિયંત્રણ રાખવા માટેનું તંત્ર.***- સરકારે, શિક્ષકોની પૂર્વ-સેવા તાલીમની ગુણવત્તાનું નિયમમિતપણે દેખરેખ-નિયંત્રણ રાખવા માટેનું તંત્ર ઊભું કરવું જોઈશે અને નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન (NCTE)-એ ઠરાવેલા ધોરણો અને માપદંડો સાથે સુસંગત ન હોય તેવી શિક્ષકોની તાલીમ સંસ્થાઓ બંધ કરાવવી જોઈશે.

૨૯. ***શિક્ષકોની યોગ્યતા માટેની સામાન્ય કસોટી દાખલ કરવા બાબત.***- સરકારે, શિક્ષકોના પૂર્વ-સેવા શિક્ષણ (તાલીમ) અંગેના ન્યૂનતમ ધોરણો સુનિશ્ચિત કરવા માટેનું તંત્ર વિકસાવવું જોઈશે અને તે શિક્ષકોની ભરતી માટેની સામાન્ય યોગ્યતા કસોટી દાખલ કરી શકશે.

૩૦. ***પ્રારંભિક શિક્ષણનું પૂર્ણતા-પ્રમાણપત્ર આપવા બાબત.***- (૧) પ્રારંભિક શિક્ષણનું પૂર્ણતા-પ્રમાણપત્ર, પ્રારંભિક શિક્ષણ પૂરું કર્યાના એક મહિનાની અંદર શાળા/બ્લોક/જિલ્લા કક્ષાએ આપવું જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલા પ્રમાણપત્રથી પ્રમાણિત કરવામાં આવશે કે બાળકે કલમ ૨૯ હેઠળ ઠરાવેલા તમામ અભ્યાસક્રમો પૂર્ણ કરેલ છે અને તેમાં બાળકના (વિદ્યાર્થી પ્રગતિ રેકર્ડ) વિદ્યાર્થી તરીકેના એકત્રિત (તમામ) રેકર્ડનો સમાવેશ કરવામાં આવશે અને ઠરાવેલા અભ્યાસક્રમ સિવાયની પ્રવૃત્તિઓના ક્ષેત્રે બાળકે હાંસલ કરેલ સિદ્ધિઓ પણ તેમાં નિર્દિષ્ટ કરવામાં આવશે અને તેમાં સંગીત, નૃત્ય, સાહિત્ય, રમતગમત વગેરેનો સમાવેશ કરી શકાશે.

## પ્રકરણ - ૬

## બાળકોના અધિકારનું રક્ષણ

૩૧. ***રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગની કામગીરી બાબત.-*** (૧) રાજ્યમાં શિક્ષણના અધિકારના રક્ષણ માટેનું સત્તામંડળ (જેનો આમાં હવે પછી, " REPA" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) રહેશે, જે, આવા આયોગની રચના કરવામાં આવે ત્યાં સુધી, રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (જેનો આમાં હવે પછી, "SCPCR" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના કાર્યો જેવા જ કાર્યો કરશે.

(૨) શિક્ષણના અધિકારના રક્ષણ માટેનું સત્તામંડળ (REPA) નીચેની વ્યક્તિઓનું બનશે:-

(ક) અધ્યક્ષ, જે ઉચ્ચ શૈક્ષણિક પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિ હોવી જોઈશે અથવા તે હાઈ કોર્ટના ન્યાયાધીશ હોવા જોઈશે અથવા તેણે બાળકોના અધિકારને ઉત્તેજન આપવા માટે ઉત્કૃષ્ટ કામગીરી કરેલી હોવી જોઈશે; અને

(ખ) નીચેના ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા, યોગ્યતા (સામર્થ્ય), પ્રામાણિકતા, પ્રતિષ્ઠા અને અનુભવ ધરાવતા બે સભ્યો, જેમાંથી ઓછામાં ઓછો એક સભ્ય મહિલા સભ્ય હોવો જોઈશે:

(૧) શિક્ષણ;

(૨) બાળ આરોગ્ય સંભાળ અને બાળ વિકાસ;

(૩) કિશોર ન્યાય અથવા ઉપેક્ષિત અથવા તરછોડાયેલા બાળકોની અથવા અશક્ત બાળકોની સંભાળ;

(૪) બાળ-મજૂરને અથવા માનસિક રીતે પીડિત બાળકો પાસે કામ લેવાની પ્રથા નાબૂદ કરવી;

(૫) બાળ-મનોવિજ્ઞાન અથવા સમાજવિજ્ઞાન; અથવા

(૬) કાનૂની વ્યવસાય.

(૩) શિક્ષણના અધિકારના રક્ષણ માટેના સત્તામંડળ (REPA)ના તમામ રેકર્ડ અને અસ્કયામત, રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR)ની રચના બાદ તરત જ તેને તબદીલ કરવા જોઈશે.

(૪) રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) અથવા યથાપ્રસંગ, શિક્ષણના અધિકારના રક્ષણ માટેના સત્તામંડળ (REPA), પોતાના કાર્યો કરતી વખતે, રાજ્ય સલાહકાર પરિષદ-એ તેમને પૂછાણ માટે મોકલેલી બાબતો અંગે પણ કામગીરી કરશે.

(૫) રાજ્ય સરકારે, રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) અથવા યથાપ્રસંગ, શિક્ષણના અધિકારના રક્ષણ માટેના સત્તામંડળ (REPA)માં એક (સેલ) એકમની રચના કરવી જોઈશે, જે રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) અથવા શિક્ષણના અધિકારના રક્ષણ માટેના સત્તામંડળ (REPA)-ને આ અધિનિયમ હેઠળના તેના કાર્યો કરવામાં સહાય કરશે.

૩૨. ***રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) સમક્ષ ફરિયાદ રજૂ કરવાની રીત.-*** (૧) રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) અથવા યથાપ્રસંગ, શિક્ષણના અધિકારના રક્ષણ માટેનું સત્તામંડળ (REPA), એસએમએસ, ટેલિફોન અને પત્રથી જેનો સંપર્ક કરી શકાય તેવી ચાઈલ્ડ હેલ્પ લાઈન શરૂ કરશે, જે નારાજ થયેલા બાળક/વાલી માટે અધિનિયમ હેઠળના અધિકારોના ઉલ્લંઘન અંગેની ફરિયાદ કરવા માટેના ફોરમ (Forum) તરીકે કાર્ય કરશે, જે તેમની ઓળખની નોંધ કરશે, પરંતુ તેમની ઓળખ જાહેર કરશે નહિ.

(૨) હેલ્પલાઈનને કરવામાં આવેલી તમામ ફરિયાદોનું, રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) અથવા યથાપ્રસંગ, શિક્ષણના અધિકારના રક્ષણ માટેના સત્તામંડળ (REPA) દ્વારા, પારદર્શક 'એલર્ટ એન્ડ એકશન (alert and action)' કાર્યપદ્ધતિ દ્વારા દેખરેખ-નિયંત્રણ રાખવામાં આવશે.

૩૩. ***રાજ્ય સલાહકાર પરિષદની રચના અને તેના કાર્યો.***- (૧) રાજ્ય સલાહકાર પરિષદ (જેનો આમાં હવે પછી, ''પરિષદ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) અધ્યક્ષ અને ચૌદથી વધુ નહિ તેટલા સભ્યોની બનેલી રહેશે.

(૨) રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી, હોદ્દાની રૂએ, પરિષદના અધ્યક્ષ ગણાશે.

(૩) પ્રાથમિક શિક્ષણનો હવાલો ધરાવતા સચિવ, નાણા સચિવ, આદિજાતિ વિકાસ (વિભાગ)ના સચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા (વિભાગ)ના સચિવ, સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર (રાજ્ય પરિયોજનાના નિયામક) અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ) (GCERT)ના નિયામક હોદ્દાની રૂએ સભ્યો ગણાશે.

(૪) સરકાર, પ્રારંભિક શિક્ષણ અને બાળ વિકાસના ક્ષેત્રે જ્ઞાન અને વ્યાવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, નીચે મુજબ, પરિષદના સભ્યોની નિમણૂક કરશે:-

(ક) ઓછામાં ઓછા ચાર સભ્યો, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને લઘુમતી (કોમ)ની વ્યક્તિઓમાંથી રહેશે;

(ખ) ઓછામાં ઓછો એક સભ્ય, ખાસ જરૂરિયાત ધરાવતા બાળકોના શિક્ષણનું વિશેષિત જ્ઞાન અને વ્યાવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી રહેશે;

(ગ) એક સભ્ય, પૂર્વ-પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે વિશેષિત જ્ઞાન ધરાવતી વ્યક્તિઓમાંથી રહેશે;

(ઘ) ઓછામાં ઓછા બે સભ્યો, શિક્ષકોને શિક્ષણ (તાલીમ) આપવાના ક્ષેત્રે વિશેષિત જ્ઞાન અને વ્યાવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી રહેશે;

(ચ) આવા સભ્યોમાંથી પચાસ ટકા સભ્યો મહિલા સભ્યો હોવા જોઈશે; અને

(છ) પ્રાથમિક શિક્ષણના નિયામક સભ્ય-સચિવ રહેશે.

(૫) પ્રાથમિક શિક્ષણ વિભાગ, પરિષદની બેઠકોના અને તેના બીજા કાર્યોના સંકલનમાં સહાય પૂરી પાડશે.

(૬) પરિષદના કામકાજની કાર્યરીતિ નીચે મુજબ રહેશે:-

(ક) પરિષદ, નિયમિત રીતે, અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે મળશે, પરંતુ તેની છેલ્લી બેઠક અને આગામી બેઠક વચ્ચે ત્રણ માસનો સમયગાળો રહેવો જોઈશે નહિ;

(ખ) અધ્યક્ષ પરિષદની બેઠકનું પ્રમુખસ્થાન લેશે. અધ્યક્ષ કોઈ કારણસર પરિષદની બેઠકમાં હાજર ન રહી શકે, તો તે, આવી બેઠકનું પ્રમુખસ્થાન લેવા માટે, પરિષદના કોઈ સભ્યને નામનિયુક્ત કરી શકશે;

(ગ) પરિષદના ઓછામાં ઓછા ૫૦% સભ્યો હાજર હોય, તો તેની બેઠકનું કોરમ પૂર્ણ ગણાશે.

(૭) કાઉન્સિલના સભ્યોની નિમણૂક માટેની બોલીઓ અને શરતો નીચે મુજબ રહેશે :-

(ક) દરેક સભ્ય, સભ્ય તરીકેનો પોતે હોદ્દો ધારણ કરે તે તારીખથી બે વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે :

પરંતુ કોઈપણ સભ્ય બે વર્ષથી વધુ મુદત માટે હોદ્દો ધરાવશે નહિ.

(ખ) સભ્યને, સિદ્ધ ગેરવર્તણૂક અથવા અસમર્થતાના આધારે અથવા નીચેનામાંથી કોઇ એક અથવા તેથી વધુ કારણોસર રાજ્ય સરકારના હુકમથી તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે :-

(૧) તે નાદાર ઠર્યો હોય; અથવા

(૨) તે કામ કરવા માટે ઇનકાર કરે અથવા કામ કરવા માટે અસમર્થ થયો હોય; અથવા

(૩) તે અસ્થિર મગજનો હોય અથવા સક્ષમ કોર્ટ-એ તેને તેવો હોવાનું જાહેર કર્યો હોય; અથવા

(૪) તેણે પોતાના હોદ્દાનો એવી રીતે દુરુપયોગ કર્યો હોય કે તેને હોદ્દા ઉપર ચાલુ રાખવાનું જાહેર હિતને નુકસાનકારક હોય; અથવા

(૫) સક્ષમ કોર્ટે તેને કોઇ ગુના માટે દોષિત ઠરાવ્યો હોય; અથવા

(ङ) પરિષદની ગેરહાજર રહેવાની રજા મેળવ્યા સિવાય પરિષદની લાગલાગટ બે બેઠકોમાં ગેરહાજર રહેલ હોય.

(ગ) કોપણ સભ્યને સુનાવણીની પૂરતી તક આપી હોય તે સિવાય તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે નહિ.

(ઘ) સભ્યોના હોદ્દાની જગા, તેનું મૃત્યુ થવાથી, રાજીનામું આપવાથી અથવા અન્યથા કો કારણસર ખાલી પડે, તો પેટા-નિયમ(૪)ની જોગવાઓ અનુસાર 120 દિવસની મુદતની અંદર નવી નિમણૂક કરીને ભરવી જોશે.

(ચ) સમિતિ અને આયોગના બિન-સરકારી સભ્યો અને તે વર્ગની બીજી વ્યક્તિઓના સંબંધમાં રાજ્ય સરકારે બહાર પાડેલા હુકમો અનુસાર પરિષદના સભ્યો, સરકારી પ્રવાસ અને મુસાફરી માટેના મુસાફરી અને દૈનિક ભથ્થાં મેળવવા હકદાર ગણાશે.

## પરિશિષ્ટ-1

### (જુઓ નિયમ 15)

**અધ્યયન-નિષ્પત્તિ (લર્નિંગ આઉટકમ્સ)ના ધોરણો :** આરટી (Right To Education) નો લક્ષ્યાંક તમામ બાળકો માટે ગુણવત્તાસભર શિક્ષણ સુનિશ્ચિત કરવાનો છે. શાળાઓમાં આવશ્યક માળખાકીય સાધનસામગ્રી અને શિક્ષક ઉપલબ્ધ હોય, પરંતુ વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી રહયા ન હોય (તે સમસ્યા આજકાલ (શિક્ષણ) પદ્ધતિના ઘણા ક્ષેત્રોમાં ગુણોત્સવ, નેશનલ કાઉન્સિલ ફોર એજયુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), એન્યુઅલ સ્ટેટસ એજયુકેશન રિપોર્ટ (ASER), એજયુકેશન ન્સપેક્શન (EI) અને બીજા અભ્યાસો પરથી ધ્યાન પર આવી છે), તો આરટી (Right To Education) નો લક્ષ્યાંક સિદ્ધ થઈ શકશે નહિ.

આથી, શાળાઓ અધ્યયન-નિષ્પત્તિ ધોરણો પણ પ્રાપ્ત કરે તે મહત્વનું છે. અપૂરતી પરંતુ આવશ્યક માળખાકીય વ્યવસ્થા સાથે અધ્યયન-નિષ્કર્ષ પ્રાપ્ત કરવો તે વિદ્યમાન શાળાઓનું મુખ્ય લક્ષ્યાંક જણાય છે. કો કારણોસર (દા.ત. વધુ વસ્તીવાળા શહેરી વિસ્તારમાં અથવા જયાં તાલીમબદ્ધ શિક્ષકો ઉપલબ્ધ ન હોવાને કારણે) માળખાકીય ધોરણો જયાં પ્રાપ્ય થ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓના અધ્યયનને નુકસાન થતું નથી તે બાબત સુનિશ્ચિત કરવામાં અધ્યયન-નિષ્કર્ષ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી સહાય મળી રહેશે.

| અનુક્રમાંક | શાળાઓમાં જરૂરિયાત | વર્ણન | ભારાંક |
|---|---|---|---|
| ૧. | વિદ્યાર્થીની અધ્યયન- નિષ્પત્તિ (સંપૂર્ણ સ્તર) | પ્રમાણભૂત કસોટીનો ઉપયોગ કરીને, (માત્ર ગોખણપટ્ટી પર નહિ) પણ અધ્યયન પર ધ્યાન કેન્દ્રિત કરીને વિદ્યાર્થીના અધ્યયન સ્તરને વ્યક્તિગત મૂલ્યાંકનથી માપવું જોશે. | ૩૦ % |
| ૨. | વિદ્યાર્થીની અધ્યયન-નિષ્પત્તિ (શાળાની પૂર્વ-કામગીરી સાથે સરખાવતા થયેલો સુધારો) | શાળાઓ (1) નબળા વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપીને યોગ્ય પરિણામ દર્શાવતી નથી તે બાબત સુનિશ્ચિત કરવા આ પાસું દાખલ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ સુસંપન્ન સમાજમાંથી આવતા હોવાને કારણે શાળાની કામગીરીની તદ્દન સારી છાપ ઉભરી આવે છે -તે બાબતનો પણ આ પાસા દ્વારા સહજ ઉલ્લેખ થાય છે. માત્ર પ્રથમ વર્ષમાં જ આ પાસું ઉપલબ્ધ રહેશે નહિ અને ભારાંક બીજા પરિબળો વચ્ચે વહેંચવામાં આવશે. | ૪૦% |
| ૩. | નપુટ(સવલતો, શિક્ષકની લાયકાતો સહિત) | અધિનિયમની અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના શાળાના ધોરણો અને માપદંડો. | ૧૫ % |
| ૪. | વિદ્યાર્થીની બિન-શૈક્ષણિક નિષ્પત્તિ (અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ અને | આ પરિબળ નક્કી કરવા માટે વિદ્યાર્થીની બિન-શૈક્ષણિક (નોન-એકેડેમિક) ક્ષેત્રોમાંની સિદ્ધિ તેમજ માતા-પિતાના | ૧૫ % |

| અનુક્રમાંક | શાળાઓમાં જરૂરિયાત | વર્ણન | ભારાંક |
|---|---|---|---|
| | રમતગમત, વ્યક્તિત્વ અને મૂલ્યો) અને માતાપિતાનો (ફીડબેક) અભિપ્રાય | ઔપચારિક મંતવ્યો પરથી મળેલા અભિપ્રાયનો ઉપયોગ કરવો જોશે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમત-ગમત, કલાને મહત્વ આપતાં પ્રમાણભૂત સરવે કરવાના સાધનો વિકસાવવા જોશે. માતાપિતાના અભિપ્રાયમાં, વર્ગોના ઓછામાં ઓછા 20 માતા-પિતાના અભિપ્રાયનો સમાવેશ કરવો જોશે અને તેને સંકલિત કરવો જોશે. | |
| | | | ૧૦૦% |

નોંધ :

> આ ધોરણો રાજય સરકાર, સ્થાનિક સત્તામંડળ, મારફત ચલાવાતી શાળાઓ, ખાનગી સહાયિત શાળાઓ તેમજ બિન-સહાયિત શાળાઓ સહિત તમામ શાળાઓને લાગુ પડશે.

> શાળાના સરેરાશ પરિણામ (શકય હોય તો ટકાવારી પ્રમાણેના સરવાળા)ને જેનાથી ન્યૂનતમ ગ્રેડની વ્યાખ્યા કરી શકાય તેવા સ્કેલમાં રૂપાંતરિત કરવો જોશે

> વિદ્યમાન શાળાઓએ માન્યતાનું ધોરણ પ્રાપ્ત કરવા ન્યૂનતમ ગ્રેડ મેળવવો જોશે. ન્યૂનતમ ગ્રેડ ન મેળવનાર શાળાઓનું 4 વર્ષે એક વાર નિયમિત કરવામાં આવતા મૂલ્યાંકનને બદલે તે પછીના વર્ષે પણ મૂલ્યાંકન થશે. તે શાળાઓએ (રાજય-એ પ્રસિદ્ધ કરેલી માર્ગદર્શિકા પર આધારિત, ઉદાહરણ તરીકે તેમના (શાળાઓના) શિક્ષકોને તાલીમ અપાવવાની વધુ આવશ્યકતા માટે)ના એક્શન પ્લાન પણ બહાર પાડવા જોશે અને તેઓ સળંગ 3 વર્ષ સુધીમાં ન્યૂનતમ પરિણામ મેળવવામાં નિષ્ફળ જાય, તો આવી શાળાઓને બંધ કરી દેવામાં આવશે.

> તેમ છતાં, આ બાબતની નોંધ કરવી જોશે કે આ અધ્યયન-નિષ્કર્ષ, શાળાઓને નોંધપાત્ર સુધારણા માટેના મુદ્દાઓ પૂરા પાડે છે (માળખાકીય ધોરણો જ નહિ પરંતુ જે કો શાળા ખરેખર સુધારા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે, તે સુધારા કરી શકવા સમર્થ બનશે)

> આ વિગતો પ્રાપ્ત કરવાના હેતુથી, રાજય આ ક્ષેત્રની નિષ્ણાત હોય અને અનુભવ ધરાવતી હોય તેવી એક થી વધુ વ્યાવસાયી ત્રાહિત એજન્સીઓ મારફત સ્વતંત્ર રીતે મૂલ્યાંકન હાથ ધરી શકશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ જરૂરિયાત પર આધારિત હોય તેવા આ મહત્વના ક્ષેત્રો અંગે વધુ એજન્સીઓ નિપુણતા કેળવે.

> દરેક એજન્સીને જુદા-જુદા પ્રકારની શાળાઓનું મૂલ્યાંકનનું કામ સોંપવું જોશે. મૂલ્યાંકન સમાન ધોરણો મુજબ યોગ્ય રીતે થાય તે જરૂરી હોવાથી (સરકારી શાળાઓ, ખાનગી શાળાઓ વગેરે માટે કો અલગ એજન્સીને કામ સોંપવામાં આવશે નહિ).

> દરેક શાળાનું સામાન્ય રીતે દર 4 થા વર્ષે મૂલ્યાંકન કરવામાં આવશે. તેમ છતાં, ખૂબ જ નબળું પરિણામ મેળવતી શાળાઓનું મૂલ્યાંકન સક્ષમ સત્તાધિકારી દ્વારા વારંવાર કરાવવું જોશે.

> મૂલ્યાંકન, માત્ર ગોખણપટ્ટીવાળા ભણતર પર નહિ પરંતુ 'સમજણ સાથેના ભણતર' અથવા 'ઉપયોગી થ શકે તેવા ભણતર પર કેન્દ્રિત હોવું જોશે. પ્રશ્નો બાળકોને વિચારવા પ્રેરે તેવા હોવા જોએ, નહિ કે ગોખી શકાય તેવા. તેમાંના કેટલાક પ્રશ્નો એવા પ્રકારના કે એવી રીતના હોવા જોશે કે જે ખાસ કરીને પાઠયપુસ્તકમાંથી જ ન લેવાયા હોય અને છતાં તેના વિષયવસ્તુનું સ્તર તે તબક્કે જે શીખવવામાં આવ્યું હોય તેને અનુરૂપ હોય.

<u>પરિશિષ્ટ- ૨</u>

(જુઓ નિયમ ૧૩નો પેટા- નિયમ (૧))

**નમૂનો ૧**

શાળાને માન્યતા આપવા માટેનું સ્વ-એકરાર સહ અરજી પત્રક

પ્રતિ,

જિલ્લા શિક્ષણ અધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી
(જિલ્લાનું અને રાજયનું નામ)

શ્રીમાન,

હું, આ સાથે, બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની અનુસૂચિમાં ઠરાવેલા ધોરણો અને માપદંડોના પાલનના સંબંધમાં વિદ્યમાન શાળા વતી સ્વ-એકરાર/...........................................................(શાળાનું નામ)ને, શાળાના આરંભના વર્ષ ૨૦૧............થી અમલમાં આવે તેમ માન્યતા આપવા માટેના ઠરાવેલા પ્રોફોર્મામાં અરજી મોકલું છું.

આપનો વિશ્વાસુ

બિડાણ :
સ્થળ :
તારીખ :

વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષ/ વ્યવસ્થાપક

| ક. શાળાની વિગતો | | |
|---|---|---|
| ૧. | શાળાનું નામ : | |
| ૨. | શૈક્ષણિક સત્ર : | |
| ૩. | જિલ્લો : | |
| ૪. | ટપાલનું સરનામું : | |
| ૫. | ગામ/શહેર : | |
| ૬. | તાલુકો : | |
| ૭. | પિન કોડ : | |
| ૮. | એસટીડી (STD)કોડ સહિતનો ફોન નંબર : | |
| ૯. | ફેક્ષ નંબર : | |
| ૧૦. | ઈ-મેઈલ એડ્રેસ, હોય તો : | |
| ૧૧. | નજીકનું પોલીસ મથક : | |

| ખ. સામાન્ય માહિતી | | |
|---|---|---|
| ૧. | સ્થાપનાનું વર્ષ : | |
| ૨. | શાળા ખુલ્યાના પ્રથમ દિવસની તારીખ : | |
| ૩. | ટ્રસ્ટ/મંડળી/સંચાલક સમિતિનું નામ : | |
| ૪. | ટ્રસ્ટ/ મંડળી/સંચાલક સમિતિ રજિસ્ટર થયેલ છે કે કેમ : | |
| ૫. | ટ્રસ્ટ/ મંડળી/સંચાલક સમિતિનું રજિસ્ટ્રેશન કેટલી મુદત સુધી માન્ય છે : | |
| ૬. | ટ્રસ્ટ/ મંડળી/સંચાલક સમિતિની માલિક ન હોય તેવી વ્યક્તિઓની, સાથે જોડેલી સોગંદનામું કરેલી નકલમાં સભ્યોની તેમના સરનામા સાથેની યાદીમાં તે અંગેનો પુરાવો છે કે કેમ : | |
| ૭. | શાળાના વ્યવસ્થાપક/ પ્રમુખ/અધ્યક્ષનું નામ અને કાર્યાલયનું સરનામું : | |
| | નામ : | |
| | હોદ્દો : | |
| | સરનામું : | |
| | ફોન નં : | (ક.)............................<br>(નિ.)............................ |

| ૮. | છેલ્લા ૩ વર્ષ દરમિયાનની કુલ આવક અને ખર્ચ વધારાનો/ખાધ : | | | |
|---|---|---|---|---|
| | વર્ષ | આવક | ખર્ચ | વધારાનો/ખાધ |
| | | | | |
| | | | | |

| ગ. શાળાનો પ્રકાર અને વિસ્તાર | | |
|---|---|---|
| ૧. | પ્રશિક્ષણનું માધ્યમ : | |
| ૨. | શાળાનો પ્રકાર (ધોરણોમાં પ્રવેશ અને સમાપન (ધોરણ......થી ધોરણ ......સુધી) નિર્દિષ્ટ કરવો) : | |
| ૩. | સહાયિત હોય તો, એજન્સીનું નામ અને સહાયની ટકાવારી : | |
| ૪. | શાળા માન્યતા ધરાવે છે કે કેમ : | |
| ૫. | જો ધરાવે છે, તો કયા સત્તાધિકારીની (માન્યતા ધરાવે છે) *માન્યતા નંબર : | |
| ૬. | શાળાને પોતાનું મકાન છે કે તે ભાડાના મકાનમાં ચાલે છે. : | |
| ૭. | શાળાનું મકાન અથવા અન્ય મારત અથવા મેદાન દિવસ અથવા રાત્રિ દરમિયાન વાણિજિયક અથવા (શાળાના કોઈ કર્મચારીના રહેઠાણના હેતુ સિવાય)ના રહેઠાણના હેતુઓ માટે અથવા પ્રકારની રાજકીય અથવા બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓ કે તેવી બીજી પ્રકારની પ્રવૃત્તિઓ માટે વપરાય છે કે કેમ ? : | |
| ૮. | શાળાનો કુલ વિસ્તાર : | |
| ૯. | શાળાનો બાંધકામ કરેલો વિસ્તાર : | |

| ઘ. એનરોલમેન્ટ સ્ટેટસ (નોંધણી કરાવ્યા અંગેની માહિતી) | | | |
|---|---|---|---|
| | ધોરણ | વિભાગની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
| ૧. | પૂર્વ-પ્રાથમિક | | |
| ૨. | ૧-૪ | | |
| ૩. | ૬-૮ | | |

| ચ. માળખાકીય સુવિધા ની વિગતો અને સ્વચ્છતા વિષયક પરિસ્થિતિ | | | |
|---|---|---|---|
| | ખંડ | સંખ્યા | સામાન્ય કદ (ક્ષેત્રફળ/ વિસ્તાર) |
| ૧. | વર્ગખંડ : | | |
| ૨. | કાર્યાલય ખંડ-સહ-સ્ટોર રૂમ-સહ-મુખ્ય શિક્ષકનો ખંડ : | | |
| ૩. | રસોડું -સહ-કોઠાર : | | |

| છ. અન્ય સવલતો | | |
|---|---|---|
| ૧. | તમામ સવલતો માટે અવરોધમુક્ત પ્રવેશ છે કે કેમ : | |
| ૨. | અધ્યાપન-અધ્યયન સામગ્રી (યાદી જોડવી) : | |
| ૩. | રમત અને ખેલકૂદની સાધન-સામગ્રી (યાદી જોડવી) : | |
| ૪. | ગ્રંથાલયમાં પુસ્તકોની સવલત-<br>• પુસ્તકો (પુસ્તકોની સંખ્યા) :<br>• સામયિક/વર્તમાનપત્રો : | |
| ૫. | પીવાના પાણીની સવલતનો પ્રકાર અને સંખ્યા : | |
| ૬. | સ્વચ્છતાવિષયક પરિસ્થિતિ. | |
| | (૧) ફ્લશ સંડાસ (W.C.) અને મુતરડી :<br>(૨) કુમાર માટે અલગ શૌચાલય/ મુતરડીની સંખ્યા : | |
| | (૩) કન્યાઓ માટે અલગ શૌચાલય/ મુતરડીની સંખ્યા : | |

| જ. શૈક્ષણિક સ્ટાફની વિગતો | | | |
|---|---|---|---|
| ૧. | સંપૂર્ણપણે પ્રાથમિક/ઉચ્ચ-પ્રાથમિકમાં અધ્યાપન કરાવતા (દરેક શિક્ષક વિષેની અલગ માહિતી) | | |
| | શિક્ષકનું નામ<br>(૧) | પિતા/પતિ કે પત્નીનું નામ<br>(૨) | જન્મ તારીખ<br>(૩) |
| | | | |
| | શૈક્ષણિક લાયકાત<br>(૪) | વ્યાવસાયિક લાયકાત<br>(૫) | અધ્યાપનનો અનુભવ<br>(૬) |
| | | | |
| | સોંપેલ ધોરણ<br>(૭) | નિમણૂકની તારીખ<br>(૮) | તાલીમી કે બિન-તાલીમી<br>(૯) |
| | | | |
| ૨. | પ્રારંભિક અને માધ્યમિક બંનેમાં અધ્યાપન કરાવતાં (દરેક શિક્ષક વિષેની અલગ માહિતી) | | |
| | શિક્ષકનું નામ<br>(૧) | પિતા/પતિ કે પત્નીનું નામ<br>(૨) | જન્મ તારીખ<br>(૩) |
| | | | |
| | શૈક્ષણિક લાયકાત<br>(૪) | વ્યાવસાયિક લાયકાત<br>(૫) | અધ્યાપનનો અનુભવ<br>(૬) |
| | | | |
| | સોંપેલ ધોરણ<br>(૭) | નિમણૂકની તારીખ<br>(૮) | તાલીમી કે બિન-તાલીમી<br>(૯) |

| ૩. | મુખ્ય શિક્ષક | | |
|---|---|---|---|
| | | | |
| | શિક્ષકનું નામ<br>(૧) | પિતા/પતિ કે પત્નીનું નામ<br>(૨) | જન્મ તારીખ<br>(૩) |
| | | | |
| | શૈક્ષણિક લાયકાત<br>(૪) | વ્યાવસાયિક લાયકાત<br>(૫) | અધ્યાપનનો અનુભવ<br>(૬) |
| | | | |
| | સોંપેલ ધોરણ<br>(૭) | નિમણૂકની તારીખ<br>(૮) | તાલીમી કે બિન-તાલીમી<br>(૯) |
| | | | |

| ઝ. | પાઠયક્રમ અને અભ્યાસક્રમ | |
|---|---|---|
| ૧. | દરેક ધોરણ (ધોરણ ૮ સુધી)માં ભણાવાતા પાઠયક્રમ અને અભ્યાસક્રમની વિગતો : | |
| ૨. | વિદ્યાર્થીના કાર્યમૂલ્યાંકનની પદ્ધતિ : | |
| ૩. | શાળાના વિદ્યાર્થીઓએ ધોરણ ૮ સુધીમાં કોઇ બોર્ડની પરીક્ષા આપવી જરૂરી છે કે કેમ? : | |

ટ. આથી પ્રમાણિત કરવામા આવે છે કે શાળાએ આ અરજી સાથે ડિસ્ટ્રીક્ટ ઇન્ફોર્મેશન્ સિસ્ટમ (DIES)ના આ ડેટા કેપ્ચર ફોર્મેટમાં પણ માહિતી રજૂ કરેલ છે.

ઠ. આથી પ્રમાણિત કરવામા આવે છે કે સમુચિત સત્તાધિકારીએ અધિકૃત કરેલા કોઇપણ અધિકારી દ્વારા તપાસ કરવા શાળા ખુલ્લી રહેશે. (તપાસ કરવાની છૂટ રહેશે).

ડ. આથી પ્રમાણિત કરવામા આવે છે કે શાળા, સક્ષમ સત્તાધિકારી વખતોવખત ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી પૂરી પાડવાની બાંયધરી આપે છે અને માન્યતાની શરતને સતત પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમા ખામી દૂર કરવા અંગે સક્ષમ સત્તાધિકારી બહાર પાડે તેવા આદેશોનું પાલન કરશે.

ઢ. આથી પ્રમાણિત કરવામા આવે છે કે આ અધિનિયમના અમલીકરણને લગતા શાળાના રેકર્ડ, કોઇપણ સમયે સક્ષમ સત્તાધિકારીએ અધિકૃત કરેલ કોઇ અધિકારીની તપાસ માટે ખુલ્લા રહેશે અને શાળા, સંસદ/ રાજયની વિધાનસભા/ પંચાયત/ યથાપ્રસંગ, મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રત્યેની તેની અથવા પોતાની જવાબદારીઓ બજાવવા કેન્દ્ર સરકાર અને/ અથવા રાજય સરકાર/સ્થાનિક મંડળ અથવા વહીવટીતંત્રને સક્ષમ બનાવવા જરૂરી હોય તેવી તમામ માહિતી પૂરી પાડશે.

સહી/-
અધ્યક્ષ/વ્યવસ્થાપક
વ્યવસ્થાપક સમિતિ
...............શાળા

સ્થળ:

નમૂનો ૨
(જુઓ નિયમ ૧૩ (૫))

ગ્રામ : ફોન :

ઇ-મેઈલઃ ફેક્સ :

**માન્યતા પ્રમાણપત્ર**

**પ્રમાણપત્ર ક્રમાંક.**

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી,

........................શાળા,

................ગામ/નગર/શહેર,

તાલુકો................,

જિલ્લો ................,

બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ હેઠળ કરેલા ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ની જોગવાઈઓને અધીન રહીને, આથી, નીચેની શરતોએ ................................ થી ............................સુધીની ત્રણ વર્ષની મુદત માટે ધોરણ.............................થી ધોરણ................માટે..........................જિલ્લા/શહેરમાં આવેલી,...............................................શાળાના વ્યવસ્થાપકને **માન્યતા પ્રમાણપત્ર** (જેને આમાં હવે પછી, ''**પ્રમાણપત્ર**'' તરીકે કહયું છે તે), આપવામાં આવે છેઃ-

## શરતો

૧. આપેલ માન્યતા લંબાવવા પાત્ર નથી અને તેનો ગર્ભિત અર્થ કોઇપણ રીતે ધોરણ ૮થી ઉપરના ધોરણની માન્યતા આપવાના/જોડાણ કરવાના કોઇ બંધન તરીકે થશે નહિ.

૨. બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ના (સન ૨૦૦૯ના ૩૫ મા), ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ની જોગવાઇઓ, ભારત સરકારે અને રાજય સરકારે બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અને કોઇ સૂચનાઓ, આદેશો અથવા સરકારી ઠરાવો શાળાને બંધનકર્તા રહેશે.

૩. શાળાએ, નજીકના વિસ્તારમાંના નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને, પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ ૧માં તે ધોરણના સંખ્યાબળના ૨૫% સુધી, પ્રવેશ આપવો જોઇશે અને મુક્ત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ, તેની સમાપ્તિ સુધી, પૂરૂ પાડવું જોઇશે.

૪. કેપિટેશન (માથાદીઠ) ફી લેવા પર પ્રતિબંધિત છે અને તેથી, ટ્રસ્ટ, મંડળી અથવા શાળાએ કોઇપણ કેપિટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઇશે નહિ.

૫. શાળાએ, પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેણીના માતા-પિતા અથવા વાલીઓનો કોઇપણ રીતે કોઇ સ્ક્રીનીંગ ટેસ્ટ (તપાસ કસોટી) અથવા કાર્યરીતિ અપનાવવી જોઇશે નહિ.

૬. શાળાએ, ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતિ, જન્મ સ્થળ અથવા તે પૈકીના કોઇપણ આધાર પર કોઇ બાળકને પ્રવેશ આપવાનો ઇન્કાર કરવો જોઇશે નહિ.

૭. શાળાએ એ સુનિશ્ચિત કરવું જોઇશે કે:

(૧) પ્રવેશ આપેલ કોઇપણ બાળકને શાળામાં પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધી કોઇપણ ધોરણમાં રોકી રાખવામાં ન આવે અથવા શાળામાંથી કાઢી મૂકવામાં ન આવે;

(૨) કોઇપણ બાળક શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસને પાત્ર થાય નહિ;

(૩) કોઇપણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરૂં થતાં સુધી બોર્ડની કોઇ પરીક્ષા પાસ કરવાનું ફરમાવવામાં ન આવે;

(૪) પ્રારંભિક શિક્ષણ પૂરૂં કરનાર દરેક બાળકને નિયમ ૩૦ હેઠળ નિયત કર્યા પ્રમાણેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે;

(૫) અધિનિયમની જોગવાઇ પ્રમાણે અશકતતા ધરાવતા અથવા વિશિષ્ટ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયેલો છે/સમાવિષ્ટ કરેલા છે;

(૬) (ક) નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજયુકેશને અને રાજયસરકારે અથવા અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૧) હેઠળ અધિકૃત કરાયેલ હોય એવા સત્તાધિકારીએ નિયત કર્યા પ્રમાણેની લઘુત્તમ લાયકાતો ધરાવતા અને પરિપૂર્ણ કરતા હોય તેવા શિક્ષકોની ભરતી કરાયેલ છે;

(ખ) શિક્ષણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૧ના સરકારી ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૧૦-૨૨૩-કે. થી ઠરાવેલ લાયકાતોનું પાલન થયેલ છે એ પણ જોવું;

(ગ) અધિનિયમના આરંભ વખતે લઘુત્તમ લાયકાતો ધરાવતા ન હોય તેવા વિદ્યમાન શિક્ષકોએ અધિનિયમના આરંભથી ૫ વર્ષની મુદતની અંદર એવી લઘુત્તમ લાયકાતો પ્રાપ્ત કરે;

(ઘ) શિક્ષણ વિભાગના તારીખ ર૭મી એપ્રિલ, ર૦૧૧ના સરકારી ઠરાવ ક્રમાંક : પીઆરઈ -૧૧૧૦-ર૨૩-કે. ની પ્રસિધ્ધિ પછી જે કોઈ નવા શિક્ષકની ભરતી કરવામાં આવી હોય તેવા શિક્ષકે સંબંધિત (ગ્રુપ)જૂથ માટે ઠરાવેલી ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (ટેટ) પાસ કરવી જરૂરી રહેશે;

(૭) અધિનિયમની અનુસૂચિમાં ઠરાવેલ વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ (સ્ટુડન્ટ-ટીચર રેશીયો) અથવા યથાપ્રસંગ શાળામાં ૩૦૦ ચો. ફૂટ કરતાં ઓછા કદના વર્ગખંડો હોય તો, નિયમ-૧૩ના પેટા-નિયમ (૧)ના ખંડ (ઘ)થી ઠરાવેલ પ્રમાણ (રેશીયો), એ બેમાંથી જે ઓછું હોય, તે પ્રમાણનું શાળાએ પાલન કરવું જોઈશે. શિક્ષકોની ભરતી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી જરૂરિયાત અનુસાર કરવી જોઈશે;

(૮) શિક્ષકોને ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બોલીઓ અને શરતોનું નિયમન કરતા, રાજય સરકારે કરેલા નિયમો લાગુ પાડવામાં આવે;

(૯) અધિનિયમની કલમ-ર૪ની પેટા-કલમ (૧)હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષક પોતાની ફરજો બજાવે;

(૧૦) શિક્ષકો અથવા શિક્ષિકાઓ પોતાને ખાનગી શિક્ષણની પ્રવૃતિઓ સાથે જોડાય નહિ;

(૧૧) કેન્દ્ર સરકારે અથવા રાજય સરકારે અથવા નિયામકે બહાર પાડેલ માર્ગદર્શિકાઓ અને આદેશનું પાલન કરતી પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પ્રક્રિયાને અનુસરવામાં આવે;

(૧ર) વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવાની ફીના સંદર્ભમાં રાજય સરકારે અથવા પ્રાથમિક શિક્ષણ નિયામકે વખતોવખત બહાર પાડેલ કોઈ વિનિયમ, આદેશ, સૂચના અથવા માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવું જોઈશે.

૮. સમુચિત સત્તામંડળે ઘડેલા પાઠ્યક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળા શિક્ષણ આપે.

૯. શાળાએ, અધિનિયમની કલમ ૧૯માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો જોઈશે.

૧૦. શાળાએ, અધિનિયમની કલમ ૧૯માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શાળાના ધોરણો અને માપદંડો જાળવવા જોઈશે અને ખાસ કરીને કોઈ માહિતી પૂરી પાડવાને લગતી, શાળાની વેબસાઈટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વસનીય ડીઆઈએસઈ (DISE) ડિસ્ટ્રીક્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજયુકેશન ડેટા (માહિતી) ભરવાને લગતી, નિયમ ૧૩ની તમામ શરતોનું પાલન કરવું જોઈશે.

૧૧. શાળાની જગ્યાની અંદર અથવા એ જ નામથી શાળાની બહાર કોઈ અનધિકૃત વર્ગો, ચલાવવા જોઈશે નહિ.

૧ર. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામોનો અથવા મેદાનોનો માત્ર શિક્ષણ અને કૌશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવામાં આવે.

૧૩. શાળા, મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ર૧મા) હેઠળ નોંધાયેલી મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે.

૧૪. શાળા, કોઈ વ્યક્તિ, જૂથ અથવા વ્યક્તિઓના મંડળ અથવા કોઈ બીજી વ્યક્તિઓના નફા માટે ચલાવાતી નથી.

૧૫. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડિટ કરાવવું જોઈશે અને તેને પ્રમાણિત કરાવવા જોઈશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઈશે. દરવર્ષે હિસાબોના તમામ પત્રકો સાથે ઓડિટ કરાયેલ રિપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઈશે.

૧૬. આપની શાળાને ફાળવેલ માન્યતા કોડ નંબર..................છે. તેની નોંધ લેવા અને આ કચેરી સાથેના કોઈપણ પત્રવ્યવહાર માટે તેનો ઉલ્લેખ કરવા વિનંતી.

૧૭. શાળા, નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતોવખત ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંની ખામીઓ દૂર કરવા રાજ્ય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

૧૮. મંડળી, કોઈ હોય તો, તેનું રજિસ્ટ્રેશન ફરી તાજું કરવાનું સુનિશ્ચિત કરવું જોઈશે.

**રૂ................................ (અંકે રૂપિયા ..........................................................) ની ફી મળેલ છે.**

આ પ્રમાણપત્ર ...........*(તારીખ) ...........*(મહિનો) ...........* ........... (વર્ષ)ના રોજ આપેલ છે.

કચેરીનું
સીલ

સહી
સક્ષમ સત્તાધિકારીનું નામ અને
હોદ્દો.

સ્થળ :

---

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**આર.પી.ગુપ્તા,**
સરકારના સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર